

Vikalp Sangam
Alternatives India
વોલ્યુમ ૧ | મે ૨૦૨૦

## વૈશ્વિક મહામારી અને લોકડાઉનની પેલે પાર

# ‘સાધારણ’ લોકોનું અસાધારણ કામ

સમુદાયો, નાગરિક સમાજ સંસ્થાઓ અને સરકારી એકમો માટે સહાયક બની શકે એવા ઉદાહરણો, બોધપાઠ અને ભલામણો

# અનુક્રમણિકા

પ્રસ્તાવના 01
ખોરાક 03
બજાર 08
આજીવિકા 15
સ્વાસ્થ્ય 28

**નીચેની માહિતી માટે અંતિમ પાનું જુઓ**
સહયોગીઓ, પ્રશસ્તિનોંધ અને વિકલ્પ સંગમ

## પ્રસ્તાવના: આ દસ્તાવેજની અનિવાર્યતાના કારણો

માર્ચ ૨૦૨૦ બાદ, કોવીડ ૧૯ મહામારી સંબંધિત સમસ્યાઓથી ભારતના લાખો લોકો અસરગ્રસ્ત થયા છે. દેશનું ૯૦% થી વધારે કાર્યબળ અનૌપચારિક અથવા અસંગઠિત ક્ષેત્રોમાં કાર્યરત છે, તેમજ પ્રાથમિક અને ગૌણ ઉત્પાદકોમાંના મોટાભાગના તેમની આજીવિકા કમાવવા માટે દૈનિક માર્કેટિંગ પર નિર્ભર છે. ઉત્પાદન પ્રવૃત્તિઓ બંધ થવાને કારણે અને બજાર સુધી ન પહોંચી શકવાને કારણે તેમની દૈનિક આજીવિકાને વ્યાપક નુક્સાન થયુ છે. સ્થળાંતર કરનાર શ્રમિકો માટે તો આજીવિકા ગુમાવવા ઉપરાંત અન્ય રીતે પણ તકલીફદાયક પુરવાર થયુ છે, તેમને તેમના ઘર થી દૂર ફસાઇ ગયાની લાગણી અનુભવાઇ, તેમજ જાહેર પરિવહન સેવાઓ અચાનક બંધ થઇ જવાથી તેમને સૌથી વધારે અસર થઇ હતી. પ્રાથમિક જરૂરિયાતો જેવી કે ખોરાક, પાણી અને રહેઠાણની સુવિધા પણ ઉપલબ્ધ ન થવાને કારણે લાખો લોકો અસરગ્રસ્ત થયા હતા.

જો કે માનવજીવન પર આવેલુ આ સંકટ તો જોઇ શકાય એવુ છે અને તેમાંથી બહાર આવવા માટે મદદ પ્રદાન કરવા નાગરિક સમાજ અને વિવિધ રાજ્ય સરકારો દ્વારા વ્યાપક પ્રમાણમાં તાત્કાલિક પહેલ હાથ ધરવામાં આવી છે, પરંતુ આ પરિસ્થિતિ માટે જવાબદાર પાયાના કારણો વિશે ચર્ચા કરવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હોય એવું ભાગ્યે જ જોવા મળ્યુ છે. કોવીડ સંકટે ભારતના અર્થતંત્ર, સમાજ અને નીતિમાં રહેલી ખામીઓને વ્યાપક પ્રમાણમાં ઉજાગર કરી દીધી છે. આમાં ઉત્પાદકો અને શ્રમિકોની અત્યંત વંચિત પરિસ્થિતિનો સમાવેશ થાય છે ખાસ કરીને મહિલાઓ, દલિતો અને આદિવાસીઓ, તેમજ હાંસિયામાં ધકેલાઇ ગયેલા અન્ય વર્ગોનો. આમાં પ્રાથમિક જરૂરિયાતોને પહોંચી વળવા માટે દૂરના વિસ્તારો સાથે આપ-લે અને વેપાર પર નિર્ભર રહેવાની મૂર્ખતાનો પણ સમાવેશ થાય છે. જે જીવસૃષ્ટિના વિનાશ અને સામાજીક-આર્થિક વંચિતતા વચ્ચે રહેલી મજબૂત કડી દર્શાવે છે. એકંદરે, 'વિકાસ' ના મુખ્ય મોડલોની અસમાનતા અને અસ્થિરતા સ્પષ્ટપણે  દર્શાવવામાં આવી છે.

આ પરિસ્થિતિમાં, એ ખૂબ જ મહત્વપૂર્ણ છે કે ન તો ફક્ત તાત્કાલિક રાહત અને પુનવર્સનની કામગીરી હાથ ધરવામાં આવે, પરંતુ સાથે સાથે આર્થિક, સામાજીક અને રાજકીય અભિગમો સંદર્ભે પાયાથી પુર્નવિચાર હાથ ધરવામાં આવે. ભારતને (વિશ્વના અન્ય દેશોની જેમ) સુખાકારીના એવા વૈકલ્પિક માર્ગો શોધવાની તીવ્ર જરૂરિયાત છે, જે બધા દેશવાસીઓ માટે સન્માનદાયક આજીવિકા ઉભી કરવામાં મદદરૂપ બને અને જે આપણને જીવસૃષ્ટિના સ્થાયીત્વની દિશામાં આગળ વધવામાં મદદરૂપ બને. સમુદાયો

## પ્રસ્તાવના: આ દસ્તાવેજની અનિવાર્યતાના કારણો

(ગ્રામીણ, આંશિક શહેરી અને શહેરી)ના સ્વ-સશક્તિકરણ, શાસન માટે ક્ષમતા વર્ધન તેમજ આહાર, સ્વાસ્થ્ય, પાણી, ઉર્જા, આવાસ, શિક્ષણ અને અન્ય પ્રાથમિક જરૂરિયાતો તેમજ મહત્વાકાંક્ષાઓના પ્રબંધન માટે એ રીતે મદદરૂપ થવું જે તેમનામાં આત્મવિશ્વાસનું સિંચન કરે અને શક્ય હોય ત્યાં સુધી સ્વનિર્ભર બને.

આવા સમાજ એટલે કે ખરા અર્થમાં સ્વરાજનું નિર્માણ કરવાની દિશામાં આગળ વધવાના પ્રયાસ કરવાનો વિચાર એ માત્ર એક સૈદ્ધાંતિક ખ્યાલ નથી. તે ભારતભરમાં કાર્યરત સો થી વધારે નવતર ઇનીશીયેટીવમાં અમલમાં મૂકવામાં આવ્યો છે. આ દસ્તાવેજોની શ્રેણીમાં અમે આવા ઉદાહરણો દર્શાવવાનો પ્રયત્ન કરીશું, જેનાથી મહત્વના બોધપાઠ શીખી શકાય તેમજ અન્ય વિસ્તારોમાં પણ આવા પરિણામો હાંસલ કરવા માટે આ પધ્ધતિઓને અપનાવી શકાય. અમે દર્શાવીશું કે કોવિડ ૧૯ દરમિયાન અનુભવાયેલી દરેક મુખ્ય સમસ્યાઓ (અલબત્ત, આ તમામ સમસ્યાઓ ઘણા લાંબા સમયથી આપણી આસપાસ પ્રવર્તતી જ હતી પરંતુ હવે તે વધુ સ્પષ્ટ રીતે જોઇ શકાય છે) ના સમાધાન છે જ, જે ભારતમાં કોઇક ને કોઇક વિસ્તારમાં કાર્યરત એવા સમુદાયો, નાગરિક સમાજો અથવા સરકારી એકમો દ્વારા નિદર્શિત આવ્યા છે.

અમે આપને આ વિચારને સમજવા અને તેમાંથી શીખવા તેમજ તમે જે પણ ભાષા અથવા માધ્યમ સાથે જોડાયેલા હોવ તેમાં આ દસ્તાવેજનું વિતરણ કરવા આપને આમંત્રિત કરીએ છીએ. અને તમારી પાસે જો તમારા આગવા ઉદાહરણો હોય જે તમને લાગતું હોય કે તે બીજાએ પણ જાણવા જોઇએ તો, કૃપયા અમને એના વિશે જણાવો!

## સંપર્ક:

જનરલ કોઓર્ડીનેટર: જુહી પાંડે, studiojuhi@gmail.com, ૯૮૨૦૦૩૯૧૧૦

આ પ્રકારની પહેલમાંથી શીખવા મળતી ચાવીરૂપ બાબતો અંગેની માહિતી અન્ય સાઇટો અને સમુદાયોને પહોંચાડવા માટે મદદરૂપ થવા (દરેક સ્ટોરીમાં આપવામાં આવેલા ચોક્કસ સંપર્કો ઉપરાંત એક વધારાનો સંપર્ક):

ગિજ્સ સ્પૂર, gijs@auroville.org.in, ૯૯૪૩૮૨૦૨૪૧ (ફક્ત વોટ્સએપ/એસએમએસ)

**સંકટ:** ગામડાઓમાં અન્નની અસલામતી
**ઉકેલ:** સમુદાયો દ્વારા અન્નની સ્વાયત્તતા અને સલામતી



ફોટો સૌજન્ય : અશીષ કોઠારી





(ડાબે) નરસમ્મા અને અન્ય ડીડીએસ મહિલાઓ પીઆરએ વખતે, પસ્તાપુર; (જમણે) સંગમ ઓર્ગેનિક શોપ, ઝહીરાબાદ

## ડેક્કન ડેવલપમેન્ટ સોસાયટી, તેલંગાનાની દલિત અને આદિવાસી મહિલા ખેડૂતો

છેલ્લા ૨૫-૩૦ વર્ષોમાં, તેલંગાનાના ઝહીરાબાદ જીલ્લાની હજારો દલિત અને આદિવાસી(પશુપાલક) મહિલાઓએ ખેતી ક્ષેત્રે ક્રાંતિનું સર્જન કર્યુ છે. ૭૦ થી વધારે ગામોમાં મહિલાઓના જૂથો દ્વારા અને ડેક્કન ડેવલપમેન્ટ સોસાયટી ના સભ્યપદ દ્વારા, તેમણે તેમની સૂકી જમીનોમાં પરંપરાગત બિયારણ અને પશુધનના વૈવિધ્યને (ખાસ કરીને બાજરી) પુર્નજીવિત કર્યા, અને સંપૂર્ણપણે સજીવ ખેતી તેમજ સ્થાનિક ઉત્પાદન તરફ વળ્યા, મિશ્ર અને એક થી વધારે પાક લેવાની પ્રથાને પુર્નજીવિત કરી, સરળ ઉપલબ્ધિ માટે દરેક ગામમાં અનાજ બેંકોની રચના કરી હતી અને મહિલાઓને જમીનના હકો મળવા માટે લડત આપી હતી. આ પ્રક્રિયાને કારણે, ખોરાકની અસલામતી અને કુપોષણની પરિસ્થિતિઓ પર્યાપ્ત અને પોષણક્ષમ સ્વાસ્થ્યમાં પરિવર્તિત થઇ છે. તેઓ ગરીબોને સસ્તો અને પોષણક્ષમ ખોરાક મળી રહે એ માટે એક સ્વતંત્ર જાહેર વિતરણ વ્યવસ્થા પણ ચલાવે છે; અને કોનફાર્મ, એ હૈદરાબાદના ૧૦૦ પરિવારોને આવરી લેતી એક ઉત્પાદક-ગ્રાહક વ્યવસ્થા છે. સૌથી મહત્વની બાબત એ છે કે આ પહેલના કારણે તેમને એ પ્રતિષ્ઠા મળી છે જે તેમને તેમના જ્ઞાતિ આધારિત ભેદભાવ કરતા અને જાતિગત અસમાનતા ધરાવતા સમાજમાં પહેલા ક્યારેય નહોતી મળી. આ ઉપરાંત, તેમને સંયુક્ત રાષ્ટ્રો દ્વારા ઇક્વેટર એવોર્ડ થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## સંકટઃ ગામડાઓમાં અન્નની અસલામતી
## ઉકેલઃ સમુદાયો દ્વારા અન્નની સ્વાયત્તતા અને સલામતી



કોવીડ-૧૯ લોકડાઉન દરમિયાન, આ મહિલાઓના પરિવારો પાસે માત્ર તેમના પૂરતું જ અન્ન નહોતુ, પરંતુ જમીનવિહોણા પરિવારોને પણ આપી શકે તેટલું તેમજ જીલ્લા રાહત કાર્ય માટે દાનમાં આપી શકે એટલુ અનાજ હતું, અને તેઓ ઝહીરાબાદ નગરના મ્યુનિસિપાલિટી/ પોલીસ/સ્વાસ્થ્ય કાર્યકરો માટે દરરોજ ૧૦૦૦ ગ્લાસ બાજરીની ખીર મોકલતા હતા.

### બોધપાઠઃ

નહિવત્ કહેવાય એટલા બહારી સંસાધનોનો ઉપયોગ સાથે, સ્થાનિક ખેતીલક્ષી-પર્યાવરણીય પરિસ્થિતિને માન આપીને, સ્થાનિક જ્ઞાનના ઉપયોગ દ્વારા, અને સ્થાનિક બજારો ઉભા કરવામાં સહાયરૂપ થઇને, સૂકી ખેતી કરતા વિસ્તારોમાં વસતા સમુદાયો પણ અન્ન સંબંધિત સર્વોપરિતા અને સલામતી હાંસલ કરી શકે છે. ભારતનું ખેતીલક્ષી વિકાસ મોડલ આનાથી તદ્દન વિપરિત છે, અને તેમાં મૂળભૂત બદલાવની આવશ્યકતા છે.

### સંપર્કઃ

જયશ્રી ચેરુકુરી, jayasri.dds@gmail.com

ડીડીએસ સાથે કોવીડ સમયની વાતચીત પણ જોઇ શકાશેઃ
https://vscoronatimes.blogspot.com/2020/04/vikalp-varta-2-self-reliant-village.html

ફોટો સૌજન્ય : અશીષ કોઠારી



ફોટો સૌજન્ય : ડીડીએસ



(ડાબે) શમીઅમ્મા (ડીડીએસ), ઇપ્પાપલ્લી ગામ, તેલંગાના; (જમણે) કોવીડ-૧૯ સંકટ દરમિયાન રાગી ખીરનું વિતરણ, ડીડીએસ

**સંકટ:** ગામડાઓમાં અન્નની અસલામતી
**ઉકેલ:** સમુદાયો દ્વારા અન્નની સ્વાયત્તતા અને સલામતી



ફોટો સૌજન્ય : અશીષ કોઠારી




(ડાબે) સજીવ પાક સાથે કેડિયા ખેડૂત; (જમણે) અમૃતપાની સાઇન સાથે કેડિયા ઓર્ગેનિક ખેતર

# કેડિયા સજીવ ગામ, બિહાર

બિહારના જમુઇ જીલ્લાના કેડિયા ગામ, જ્યાં ૯૭ ખેડૂત પરિવારો વસે છે, તેમણે ૨૦૧૪ માં પર્યાવરણલક્ષી ખેતીના લીવીંગ સોઇલ (જમીનને ફળદ્રુપ રાખવી) અભિગમને અપનાવ્યો હતો. તેનો ઉદ્દેશ બાયોમાસના ઉપયોગ દ્વારા જમીનને ફળદ્રુપ બનાવવાનો હતો, અને રાસાયણિક ખાતરનો ઉપયોગ અટકાવીને જૈવવિવિધતાની જાળવણી કરવાનો હતો. એ સમયે, તેઓ એગ્રોકેમિકલ કંપનીના બિયારણો-વ્યાપક સિંચાઇ-ચોખા અને ઘઉંના જ પાક લેવાનું ચલણની જાળમાં ફસાયેલા હતા, જેણે ભારતભરના ખેડૂતોમાં 'હરિયાળી ક્રાંતિ' ને અસર પહોંચાડી છે.

આ સમુદાયે, ગ્રીનપીસ ઇન્ડિયા અને સ્ટેટ એગ્રીકલ્ચર ડીપાર્ટમેન્ટ સાથે જોડાણ સાધીને, અને થોડાક ખેતરોમાં પ્રારંભિક પરીક્ષણો કર્યા બાદ, ૪-૫ વર્ષના ગાળામાં તેમની ખેતી સંબંધી સમગ્ર કામગીરીમાં બદલાવ લાવી દીધો હતો. હવે તેઓ તેમની જરૂરિયાતનું બધું જ અન્ન સજીવ રીતે ઉગાડે છે (મીઠું અને ખાંડ સિવાય), ગામ બહારના કોઇ પણ ઉત્પાદનોનો ઉપયોગ કર્યા વિના. જૈવવિવિધતાનું વધુ પ્રમાણ જીવાતો સામે રક્ષણ આપવામાં અને જમીનની ફળદ્રુપતા જાળવી રાખવામાં મદદ કરે છે. તેમણે જાહેર કુવાને પુનઃજીવિત કર્યા છે, હવે તેમની પાસે વર્ષ દરમિયાન ઘરેલુ વપરાશ તેમજ સિંચાઇ બંને માટે પૂરતું પાણી ઉપલબ્ધ હોય છે, તેમજ તેમણે બોરવેલનો ઉપયોગ કરવાનો બંધ કરી દીધો છે. મહત્વની બાબત એ છે કે આ હકારાત્મક પરિવર્તન ખેડૂતો અને સરકારી અધિકારીઓ બંનેની બદલાયેલી માનસિકતાને કારણે શક્ય બન્યુ છે.

આ પહેલને કારણે બિહાર સરકાર વધારે અસરકારક એવો ઇકોલોજીકલ ખેતીનો અભિગમ અપનાવવા પ્રભાવિત થઇ છે. તેણે તેના ત્રીજા ખેતીવિષયક રોડમેપ અંતર્ગત દરેક જીલ્લામાં એક સજીવ ખેતી મોડલ ગામ વિકસાવવાનું, તમામ હાઇવે અને ગંગા નદીની બંને બાજુએ સજીવ કોરીડોર તૈયાર કરવાનું, તેમજ ૨૧૦૦૦ એકર ખેતીલાયક જમીનને ૨૦૨૦ સુધીમાં સજીવમાં તબદીલ કરવાનું વચન આપ્યુ છે.

## સંકટ: ગામડાઓમાં અન્નની અસલામતી
## ઉકેલ: સમુદાયો દ્વારા અન્નની સ્વાયત્તતા અને સલામતી



કોવીડ-૧૯ મહામારી દરમિયાન, સમુદાયે સક્રિય રીતે સંરક્ષણાત્મક માસ્ક બનાવ્યા અને વિતરિત કર્યા છે, અને દૈનિક વર્તણૂંકમાં જરૂરી બદલાવ અપનાવ્યા છે. લોકડાઉનના કારણે કેટલાક ખેડૂતો અને દૈનિક ભથ્થાં પર કામ કરનારા લોકોની આજીવિકા પર થયેલી માઠી અસરો ધ્યાનમાં આવતાં, કેડિયા ખેડૂતોએ સામુદાયિક એક્તાનું સુકાન સંભાળી લીધુ હતુ. તેમણે આસપાસના ગામોના એવા ૪૨૬ પરિવારોને સૂકી રાશન કીટ (સજીવ ચોખા, ઘઉંનો લોટ, દાળ, રાઇનું તેલ અને ચણા સાથે)નું વિતરણ કર્યુ હતું, આ એવા પરિવારો હતા જેમનો સરકારી રાશન વિતરણ કાર્યક્રમમાં સમાવેશ થતો નહોતો. આ સમુદાયે સ્થાનિક માધ્યમો, પંચાયતના સભ્યો અને નાગરિક સમાજ જૂથો સાથે મળીને આવા પરિવારો તારવ્યા હતા અને તેમના સુધી પહોંચ્યા હતા.

## બોધપાઠ:

સજીવ, વૈવિધ્યસભર, બહારની એજન્સીઓ પર ઓછામાં ઓછી નિર્ભરતા રાખીને સ્થાનિક રીતે કરવામાં આવતી ખેતી દ્વારા સમુદાયો અન્નની સલામતી હાંસલ કરી શકે છે તેમજ કોવીડ-૧૯ જેવા સંકટનો સામનો કરવા સક્ષમ બને છે. વધુમાં, તેઓ એવી પરિસ્થિતિમાં પણ આવી શકે છે જ્યાં તેઓ બીજા લોકોને મદદ કરી શકે જે એમના જેવી પરિસ્થિતિમાં ન હોય. સરકારી એજન્સીઓ અને સિવિલ સોસાયટી દ્વારા અપનાવવામાં આવતી નીતિ અને કાર્યસંબંધી સહયોગ આ બદલાવ લાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે, જો તેનો ઉદ્દેશ આ પ્રક્રિયાને સ્થાયી બનાવવા માટે સ્થાનિક ક્ષમતાઓનું નિર્માણ કરવાનો હોય તો.

## સંપર્ક:

ઈશ્તેયાક અહેમદ, ishteyaque.ahmed@greenpeace.org, 7632988788

ફોટો સૌજન્ય : કેડિયાના ખેડુતો



કેડિયા કોવીડ રાહત કામ

**સંકટ:** ગામડાઓમાં અન્નની અસલામતી
**ઉકેલ:** સમુદાયો દ્વારા અન્નની સ્વાયત્તતા અને સલામતી



## ગામોમાં પ્રવર્તતી અન્નની અસલામતી માટે ભલામણ

- નાના ઉત્પાદકોને અગ્રીમતા આપવી (જે ભારતમાં મોટાભાગના ઉત્પાદકોને બનાવે છે), જેમાં ખેડૂતો, પશુપાલકો, માછીમારો, વનવાસીઓ, હસ્તકલા કારીગરોનો સમાવેશ કરવો.
- આવા લોકોના જૂથ રચવામાં મદદ કરવી, ખાસ કરીને ગ્રામ્ય કક્ષાએ અને ગ્રામીણ ક્લસ્ટર કક્ષાએ રહેલા અતિ વંચિત ક્ષેત્રોમાંથી; એ બાબતની કાળજી લેવી કે તેમની પાસે જમીન અને અન્ય ઉત્પાદક મિલકતો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ હોય.
- અન્નને સૌથી વધારે પ્રાધાન્ય આપવા સાથે, જૈવ વૈવિધ્ય ધરાવતી, સ્થાનિક પર્યાવરણને નુકસાન ન પહોંચે એ રીતે સજીવ ખેતી કરવાની રીતને સહકાર આપવો અને પ્રોત્સાહન આપવું. સામુદાયિક અનાજ બેંકો સ્થાપવાની પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવુ, સંગ્રહની પરંપરાગત પધ્ધતિઓનું નિર્માણ કરવું તેમજ પાક અને પશુઓના સ્થાનિક આનુવંશિક મટીરીયલ પૂરા પાડવા.
- પાણીનો સમજદારીપૂર્વક વપરાશ કરવામાં આવે તેની તકેદારી રાખવી, સૂકી ખેતી અને વરસાદ આધારિત ખેતીને સૌથી વધારે પ્રાધાન્ય આપવું; બોર વેલનો ઉપયોગ ન કરવા અને વધુ પડતા પાણીની જરૂર પડે એવા પાકો ન લેવા સજાગતા કેળવવી, તેમજ જાહેર કુવાના નવીનીકરણ અને પાણીનો વપરાશ ઓછો થાય એવી અન્ય પરંપરાગત અને નવી પધ્ધતિઓને પ્રોત્સાહન આપવુ.
- નાના ઉત્પાદકો આવી ખેતી તરફ વળી શકે એ માટે, બદલાવના આ ગાળા દરમિયાન તેમને મદદરૂપ થવા માટે તેમને રાસાયણિક ખાતર અને અન્ય કોઇ હરિયાળી ક્રાંતિ સંબંધિત સબસીડીને સજીવ ઉત્પાદનો અને અન્ય સુવિધાઓમાં તબદીલ કરી આપવી; પરંતુ આ પ્રકારની મદદ ફક્ત તેમને આત્મનિર્ભર બનાવવા પૂરતી જ હોવી જોઇએ, તેઓ કાયમી ધોરણે સરકાર પર આધારિત ન બની જવા જોઇએ.
- મોટા ઉત્પાદકોને વધારે પડતું પ્રોત્સાહન ન આપવુ જોઇએ, ખાસ કરીને કોર્પોરેટ કંપનીઓને, કર અથવા અન્ય માધ્યમો દ્વારા.
- પીડીએસ, મધ્યાહન ભોજન, આંગણવાડી અને અન્ય આવા પ્રોગ્રામમાં (સ્થાનિક સમુદાયો તે ચલાવી શકે તે માટે તેમનું સશક્તિકરણ કરવુ)તેમજ સંબંધિત જાહેર સંસ્થાનો જેમ કે હોસ્પિટલ્સ, શાળાઓ અને કોલેજો તેમજ ખાનગી સંસ્થાનોમાં સ્થાનિક ઉત્પાદનો ખરીદવાને પ્રાધાન્ય આપવુ; સ્થાનિક આબોહવા અને નાના ઉત્પાદકની વ્યવસ્થાને અનુકૂળ હોય એવા પાક, પશુધન અને માછીમારીને પ્રોત્સાહન આપવુ.
- વેપાર નિયમન/મુક્ત વ્યાપાર કરાર જેવા દસ્તાવેજો પર સહી કરીને, અન્ન સંબંધી સ્વાતંત્ર્ય અને સલામતી સાથે સમાધાન ન કરવું; જો આવા કોઇ કરાર કર્યા હોય તો તેમાંથી બહાર નીકળી જવું.

**સંકટ:** ખેડૂતો માટે બજાર ઉપલબ્ધ ન હોવા અને શહેરોમાં અપૂરતા અથવા બિનસ્વાસ્થ્યપ્રદ અન્નની ઉપલબ્ધિ

**ઉકેલ:** ખેડૂત-ગ્રાહક વચ્ચે પ્રત્યક્ષ જોડાણ



ફોટો સૌજન્ય : માનસ અરવિંદ





## ગુડગાંવ ફાર્મર માર્કેટ

ધ ગુડગાંવ ઓર્ગેનિક ફાર્મર માર્કેટ (જીઓએફએમ)એ એક સાપ્તાહિક માર્કેટ છે જે વર્ષ ૨૦૧૪ થી શરૂ કરીને કોવીડ લોકડાઉન સુધી સતત કાર્યરત રહ્યું છે. આ પહેલ દ્વારા ગુડગાંવ આસપાસના લગભગ ૨૦ સજીવ ખેડૂતોને ગુડગાંવમાં વસતા ૫૦૦ થી વધારે પરિવારો સાથે જોડી શકાયા છે. લોકડાઉન દરમિયાન, માર્કેટ દ્વારા ઓનલાઇન સેવા શરૂ કરવામાં આવી હતી, જે અંતર્ગત ગ્રાહકોને તેમના ઘરના દરવાજે બાસ્કેટ પહોંચાડવામાં આવતી હતી. આ વર્ષો દરમિયાન, તે નફારહિત ધોરણે કામ કરતો અને સંપૂર્ણ સ્વૈચ્છિક પ્રયાસ બની રહ્યો છે તેમજ નૈતિક સિધ્ધાંતોના કરાર સાથે કાર્યરત છે.

આમાં જોડાનાર ખેડૂતો મોટેભાગે સ્થાનિક હોય છે, નાના કે મોટા ગમે તે ખેડૂત જો તે જીઓએફએમના મૂલ્યોને વળગી રહેવા ઇચ્છતા હોય તો તે આનો હિસ્સો બની શકે છે. માર્કેટમાં ખેડૂત અને સંકલનકાર (સજીવ સ્ટોર્સ) બંનેનો સ્ટોલ હોય છે. ઉત્પાદનની કિંમતો ખેડૂતો દ્વારા નિર્ધારિત કરવામાં આવે છે.

ઉત્પાદનો ઓર્ગેનિક છે કે નહી તેની 'ચકાસણી' કરવા માટે સ્વયંસેવકો અને કેટલાક ઉત્સાહી ગ્રાહકો નિયમિતપણે ખેતરોની મુલાકાત લે છે; જીઓએફએમ ઉત્પાદન ઓર્ગેનિક હોવાનું પ્રમાણપત્ર માંગવામાં વિશ્વાસ રાખતી નથી અથવા એને પ્રોત્સાહન આપતી નથી, તેમજ માત્ર વિશ્વાસના સંબંધો પર કામ કરે છે. એવા પણ કેટલાક કેસ સામે આવ્યા છે જેમાં ખેડૂતોએ છેતરપીંડી કરી હોય અને તેમને જૂથ છોડવાનું કહેવામાં આવ્યુ હોય. પરંતુ સજીવ ખેતીને વળગી રહેવા માટે જે વળતર મળે છે તે એટલું વધારે હોય છે કે આવા કેસ ભાગ્યે જ બને છે.

માનસ અરવિંદ, જૂથના સ્થાપકોમાંથી એક છે, તેઓ જે ખેડૂતોના બજાર ચલાવતા હોય એવા અથવા નવી

**સંકટ:** ખેડૂતો માટે બજાર ઉપલબ્ધ ન હોવા અને શહેરોમાં અપૂરતા અથવા બિનસ્વાસ્થ્યપ્રદ અન્નની ઉપલબ્ધિ

**ઉકેલ:** ખેડૂત-ગ્રાહક વચ્ચે પ્રત્યક્ષ જોડાણ



શરૂઆત કરવા માંગતા હોય એમના માટે એક ઓનલાઇન ગ્રુપ farmers-markets-india@googlegroups.com સંભાળે છે.

## બોધપાઠ:

દરેક ગ્રામીણ વિસ્તારને પડોશી ગામો, નગરો અને શહેરો, ખેડૂતો, પશુપાલકો, માછીમારો, વનવાસીઓ અને હસ્તકલા કારીગરો સાથે જોડી શકાય અને તેઓ સીધાં જ ગ્રાહકો સુધી પહોંચી શકે એવા બજારો સ્થાપવામાં અથવા જ્યાં વાજબી ધોરણે ધંધો કરતા નાના વેપારીઓ/વેચાણકારો સ્ટોલ સ્થાપી શકે એ માટે મદદ પ્રદાન કરવી. આ સમગ્ર પ્રક્રિયામાં સૌથી મહત્વની બાબતો છે સ્થાનિક બજાર ઉપલબ્ધ કરાવવુ એ, સરળતાથી પડી ભાંગે એવા (કોવીડ દરમિયાન થયુ એમ!) દૂરના વિસ્તારો સાથેના વેપાર માટે જરૂરિયાત જેટલી ઓછી કરી શકાય એટલી કરવી અને જ્યાં મોટાભાગે વચોટીયા અને કંપનીઓ જ વધારે નફો કરતા હોય એવી પરિસ્થિતિ ટાળવી.

જો કે, આ પ્રકારની વ્યવસ્થામાં સૌથી મોટો પડકાર એ છે કે ઓર્ગેનિક ફૂડના ભાવ દરેકને પોષાય એવા હોવા જોઇએ; ઓછી આવક ધરાવતા ગ્રાહકોને પણ તે કેવી રીતે ઉપલબ્ધ કરાવી શકાય? ક્રોસ સબસીડી, સિવિલ સોસાયટી અને રાજ્ય દ્વારા નીતિગત/કાર્યલક્ષી કામગીરી આમાં કંઇક અંશે મદદરૂપ થઇ શકે.

## સંપર્ક:

માનસ અરવિંદ, manasarvind@gmail.com

તમે અહી કોવીડ-સમયની વાતચીત પણ જોઇ શકશો: https://vscoronatimes.blogspot.com/2020/04/vikalp-varta-1-farmers-markets.html

ફોટો સૌજન્ય : માનસ અરવિંદ





**સંકટ:** ખેડૂતો માટે બજાર ઉપલબ્ધ ન હોવા અને શહેરોમાં અપૂરતા અથવા બિનસ્વાસ્થ્યપ્રદ અન્નની ઉપલબ્ધિ

**ઉકેલ:** ખેડૂત-ગ્રાહક વચ્ચે પ્રત્યક્ષ જોડાણ



ફોટો સૌજન્ય : દયાનંદ નિકમ



સતારા ખેડૂતો તેમના તાજા ઉત્પાદનો નિયત કરેલા સ્થળોએ લઈ જઈ રહ્યા છે

## કોવીડ-૧૯ દરમિયાન સતારા 'ડાયરેક્ટ ટુ હોમ' એક્સચેન્જ

રવિ પાક લણવાની ઋતુના તુરંત બાદ જ કોરોના મહામારીનું આગમન થવાથી, સતારાના ખેડૂતોને ૨ પડકારોનો સામનો કરવો પડયો હતો - પાક લણવા અને ઉપાડવા માટે સ્થળાંતરિત શ્રમિકો ન મળવા તેમજ તેમના ઉત્પાદનોના પરિવહન માટે ટ્રક ડ્રાઇવરનો અભાવ. આના કારણે કાં તો વચેટીયાઓએ તેમના ઉત્પાદનો ખરીદવાની ના પાડી અથવા તો ખૂબ જ ઓછી કિંમતે તે ખરીદ્યા. અચાનક શ્રમિકો તેમના વતન પરત ફરી જતાં, રાજ્યના ખેતી ક્ષેત્રમાં અરાજકતા ફેલાઇ ગઇ હતી, અને કેન્દ્ર દ્વારા આ સમસ્યાને પૂરતી ગંભીરતાથી લેવામાં આવી નહોતી.

સતારા સ્થાનિક વહીવટીતંત્રએ ખેડૂતો, સ્થાનિક બજારના વચેટીયા, સિવિલ સોસાયટી અને સામાજીક નવતર પહેલ હાથ ધરનારા લોકો સાથે મળીને સ્થાનિક ઉકેલો શોધવાની શરૂઆત કરી હતી. સંચિત ધુમલે, ધ ડેપ્યુટી ચીફ ઓફિસર અને મ્યુનિસિપાલીટી કક્ષાએ આરોગ્ય વિભાગના વડા - આ પ્રકારની એક પહેલ માટે એક અનુભવી સામાજીક કાર્યકર અવિનાશ પૌલ સાથે મળીને લોજીસ્ટીક્સનો અંદાજ મેળવ્યો હતો. જીવનજરૂરી વસ્તુઓ જેવી કે કરિયાણું, દૂધ, શાકભાજી અનને ફળો સીધા જ ગ્રાહકોને ઘરે પહોંચાડવાનો તેમનો પ્રયોગ સફળ નીવડયો હતો. આના કારણે ખેડૂતોની મદદ પણ થઈ હતી અને સામાજીક અંતર જાળવવાના ધારાધોરણોનું પણ ચુસ્તપણે પાલન કરી શકાયુ હતુ. આ વિસ્તારના લગભગ ૩૮ જેટલા ખેડૂતો, સતારા મ્યુનિસિપાલિટીના સહકારથી, તેમના તાજા ઉત્પાદનો એકત્રિત કરે છે, તેમને પસંદ કરેલ સ્થળોએ લઈ જાય

**સંકટ: ખેડૂતો માટે બજાર ઉપલબ્ધ ન હોવા અને શહેરોમાં અપૂરતા અથવા બિનસ્વાસ્થ્યપ્રદ અન્નની ઉપલબ્ધિ**

**ઉકેલ: ખેડૂત-ગ્રાહક વચ્ચે પ્રત્યક્ષ જોડાણ**



છે, અને ત્યાં જઇને લાઉડ સ્પીકરના ઉપયોગ દ્વારા તાજા ઉત્પાદનો ખરીદવા ઇચ્છતા પરિવારોનું ધ્યાન આકર્ષિત કરે છે. હાલમાં તેઓ અગાઉ કરતાં વધારે પૈસા કમાઇ રહ્યા છે જ્યારે પહેલા તો તેમને સ્થાનિક બજારમાં વચોટીયા પર નિર્ભર રહેવુ પડતુ હતું.

ખેડૂતોને તેમના ઉત્પાદનો એક સ્થળેથી બીજા સ્થળે લઇ જવા માટે મંજૂરી આપવામાં આવી હતી. જે ખેડૂતોના જૂથ માટે સીધુ જ ઘરે ડિલીવરી પહોંચાડવાનુ મોડલ નિર્માણ કરવાની તક પુરવાર થઇ હતી. આ ગાડીઓ રોજના રૂા. ૧૨૦૦-૧૫૦૦ ભાડે લેવામાં આવતી, અને તેઓ વિવિધ રહેણાંક વિસ્તારોમાં જતા, અને ઉત્પાદનો સીધા જ ગ્રાહકોને વેચવામાં આવતા. એપ્રિલ ૨૦૨૦ સુધીમાં, તેમણે ૨૫૦ ઘરો આવરી લીધા છે.

આ મોડલ ભીડભાડવાળા બજારો કરતાં વધારે સલામત વિકલ્પ છે કારણ કે આવા બજારોમાં શારીરિક અંતર જાળવવુ લગભગ અશક્ય હોય છે. ખેડૂતો માટે, વચેટીયાઓ દૂર થવાને કારણે નફાનું પ્રમાણ વધ્યુ છે. ગ્રાહકોને પણ આ વિકલ્પ વધારે પસંદ આવે છે કારણ કે તે સરળતાથી ઉપલબ્ધ છે અને તાજા ઉત્પાદનો વાજબી ભાવે મળે છે. ઉત્પાદનો નિયમિત રીતે ઉપલબ્ધ થતા હોવાને કારણે તેમને બિનજરૂરી સંગ્રહખોરી કરતાં અટકાવે છે.

## બોધપાઠ:

પ્રત્યક્ષ, સ્થાનિક અને વિકેન્દ્રિત ખેડૂત-ગ્રાહક જોડાણો ઉત્પાદકો, ગ્રાહકો અને પર્યાવરણ બધા માટે લાભદાયી પુરવાર થઇ શકે છે. તે સ્થાનિક સમુદાયના સશક્તિકરણ તરફ દોરી જાય છે, હકારાત્મક ગ્રામીણ-શહેરી સંબંધો સર્જે છે, અને સામાન્ય રીતે તે કોવીડ-૧૯ જેવા સંકટનો સામનો કરવાની સમુદાયની ક્ષમતા વધારે છે.

હવે ખરો પડકાર એ જોવાનો છે કે આ મોડલ કોવીડ-૧૯ સંકટના સમયગાળા સિવાય પણ ટકાઉ નીવડે છે કે નહીં; અને એ પણ કે વધારે ઓર્ગેનિક અને સ્વાસ્થ્યપ્રદ પધ્ધતિઓને પ્રોત્સાહન આપવુ જોઇએ કે નહીં.

## સંપર્ક:

સંચિત ધુમલ- ડેપ્યુટી ચીફ ઓફિસર અને હેડ ઓફ હેલ્થ ડીપાર્ટમેન્ટ મ્યુનિસિપલ ઓફ સતારા (સતારા કલેક્ટર ઓફિસ : ૦૨૧૬૨૨૩૨૧૭૫)

**સંકટ:** ખેડૂતો માટે બજાર ઉપલબ્ધ ન હોવા અને શહેરોમાં અપૂરતા અથવા બિનસ્વાસ્થ્યપ્રદ અન્નની ઉપલબ્ધિ

**ઉકેલ:** ખેડૂત-ગ્રાહક વચ્ચે પ્રત્યક્ષ જોડાણ



ફોટો સૌજન્ય : નવદર્શનમ





(ડાબે) નવદર્શનમ એસએચજી પ્રવૃત્તિઓ; (જમણે) નવદર્શનમ ફૂડ કો-ઓપરેટિવ સભ્યો

## નવદર્શનમ કમ્યુનિટી સપોર્ટેડ એગ્રીકલ્ચર

નવદર્શનમ (http://navadarshanam.org/) એ ૧૯૯૦ મા સ્થપાયેલ એક નાનો સમુદાય છે, જે બેંગલુરુથી લગભગ ૫૦ કિ.મી. દૂર આવેલા રીઝર્વ ફોરેસ્ટની નજીક ગ્રામીણ તમિલનાડુમાં સ્થિત છે. તે આધુનિક જીવનશૈલી અને વિચારોના વિકલ્પો શોધી રહ્યા છે, જેમાં પર્યાવરણીય સંતુલન અને આંતરિક શાંતિ બંને મળે. તેના રહેવાસીઓએ પર્યાવરણની જાળવણી અને વન્યસૃષ્ટિનું સંરક્ષણ, વૈકલ્પિક ઉર્જા, ટકાઉ સજીવ ખેતી, પાણી સંગ્રહ, સ્વાસ્થ્ય અને ઉપચાર, તેમજ વધુ આરોગ્યપ્રદ અને પરંપરાગત આહારને પ્રોત્સાહન આપવું જેવા ક્ષેત્રોમાં પ્રયોગો હાથ ધર્યા છે.

તેણે એક સ્વસહાય જૂથ તરીકે, એક ફૂડ ઈનીશીયેટીવ રચવામાં તેમજ તે અંતર્ગત હાથ ધરાતી પ્રવૃત્તિઓમાં માર્ગદર્શન પૂરુ પાડવામાં પણ મદદ કરી હતી, આ સ્વસહાય જૂથ સ્થાનિક ગ્રામવાસીઓ દ્વારા સંચાલિત કરવામાં આવે છે, જે બેંગલુરુ અને અન્ય સ્થળોના શહેરી ગ્રાહકોને સજીવ તેમજ આરોગ્યવર્ધક આહારના વિકલ્પો ઓફર કરે છે, તેમજ ગ્રામીણ આજીવિકામાં મદદરૂપ થાય છે અને પરંપરાગત કૌશલ્યો તેમજ ખેતીલક્ષી ઈકોસીસ્ટમનું સંરક્ષણ કરે છે. ૨૦૧૭ માં, એસએચજી દ્વારા એક કમ્યુનિટી સર્પોટેડ એગ્રીકલ્ચર (સીએસએ) ઈનીશીયેટીવનો પ્રારંભ કરવામાં આવ્યો હતો, જે સ્થાનિક સજીવ ખેડૂતોને તેમના શહેરી ગ્રાહકોને શાક, ફળ અને કરિયાણાનું (ઈકો-ફ્રેન્ડલી પેકેજીંગ સાથે) સાપ્તાહિક બોક્ષ પૂરું પાડવાના વાયદાને ધ્યાનમાં રાખીને સમયસર કામગીરી પૂર્ણ કરવામાં મદદ કરે છે. આ એકમથી થતા તમામ વ્યવસાયિક લાભો ખાદ્યવસ્તુઓના ગ્રામીણ ઉત્પાદકોને પહોંચાડવામાં આવે છે. એવા ખેડૂતો જેઓ તેમને પ્રદાન કરવામાં

**સંકટ:** ખેડૂતો માટે બજાર ઉપલબ્ધ ન હોવા અને શહેરોમાં અપૂરતા અથવા બિનસ્વાસ્થ્યપ્રદ અન્નની ઉપલબ્ધિ

**ઉકેલ:** ખેડૂત-ગ્રાહક વચ્ચે પ્રત્યક્ષ જોડાણ



આવતા માર્ગદર્શનને અનુસરે છે, સીએસએ દ્વારા તેમની આવક સતત વધારવામાં આવી છે, કોઇ પણ જગ્યાએ પહેલા જેટલી જ જમીનમાં વાવેતર કરવા છતાં આવકમાં ૧૦ થી ૨૦ ગણો વધારો થયો છે.

તમિલ નાડુ સરહદની અંદર આવતા હોવાથી, કોવીડ સંબંધિત લોકડાઉનને કારણે સૌથી મોટો પડકાર ઉભો થયો હતો બંને રાજ્યોમાંથી ક્રોસ બોર્ડર ડીલીવરી માટેની મંજૂરી લેવાનો - પરંતુ સીએસએ દ્વારા કરવામાં આવનાર ડીલીવરી કોઇ પણ જાતના અવરોધ વિના ચાલુ રહી હતી. નહીતર સ્થાનિક ખેડૂતોને જંગી નુક્સાન વેઠવુ પડયુ હોત. આ ઉપરાંત, બેંગલુરુના રેડ ઝોનમાં બજાર ખૂબ જ મર્યાદિત પ્રમાણમાં ઉપલબ્ધ હતા એ સંજોગોમાં શહેરી ગ્રાહકો તેમના સુધી તાજા, સ્થાનિક અને સજીવ ઉત્પાદનો પહોંચાડવા બદલ સીએસએના ખૂબ જ આભારી હતા. આ સામાન ઉતારવા માટે જે સ્થળો નક્કી કરવામાં આવ્યા હતા ત્યાં અને તમામ ખુલ્લા વિસ્તારોમાં એ બાબતની ખાસ કાળજી લેવામાં આવી હતી કે સભ્યો શારીરિક અંતર જાળવવા માટેના ધારાધોરણોનું પાલન કરી શકે અને સંક્રમણનું જોખમ ઘટે.

## બોધપાઠ:

ઉપર દર્શાવેલા અન્ય બે ઇનીશીયેટીવ્સમાંથી શીખવા મળેલ બોધપાઠ સિવાય, નવદર્શનમનું ઉદાહરણ યોગ્ય ગ્રામીણ-શહેરી જોડાણના ટકાઉપણા તરફ પણ નિર્દેશ કરે છે, જે કોવીડ સંબંધિત લોકડાઉનની તીવ્ર મર્યાદાઓ વચ્ચે પણ કાર્યરત રહી શકે છે.

## સંપર્ક:

ગોપી શંકરાસુબ્રમની, navadarshanam@gmail.com

ફોટો સૌજન્ય : નવદર્શનમ



નવદર્શનમ ફૂડ કો-ઓપરેટિવ સભ્યો

**સંકટ:** ખેડૂતો માટે બજાર ઉપલબ્ધ ન હોવા અને શહેરોમાં અપૂરતા અથવા બિનસ્વાસ્થ્યપ્રદ અન્નની ઉપલબ્ધિ

**ઉકેલ:** ખેડૂત-ગ્રાહક વચ્ચે પ્રત્યક્ષ જોડાણ



# ખેડૂતો માટે યોગ્ય બજારનો અભાવ અને શહેરોમાં અપૂરતા અથવા બિનઆરોગ્યપ્રદ ખાદ્યપદાર્થોની ઉપલબ્ધિ બાબતે ભલામણો

- પ્રાથમિક ઉત્પાદકો અને ગ્રાહકો બંને એકબીજાને સરળતાથી મળી શકે એ માટે વિકેન્દ્રિત રીતે સ્થાનિક ઉત્પાદક બજારો સ્થાપવામાં મદદરૂપ થવુ. આ બે ગ્રામ્ય વિસ્તારો, અથવા ગામ અને નગરો/શહેરોની વચ્ચે સ્થાપી શકાય.
- આ બજારોમાં સજીવ, નાના ઉત્પાદકો અથવા હસ્તકલા કારીગર દ્વારા તૈયાર થયેલ ઉત્પાદનોને પ્રોત્સાહન આપવુ; જો મોટા ઉત્પાદકોને પણ આવા બજારોમાં છૂટ આપવામાં આવી હોય તો એ બાબતની ખાતરી કરવી કે તે વર્ચસ્વ ન જમાવે.
- કોર્પોરેટ કંપનીઓને આવા બજારોમાં પ્રવેશવાની મંજૂરી ન આપવી જોઇએ.
- ઉત્પાદકો અને ગ્રાહકોને સંપૂર્ણ માહિતી ઉપલબ્ધ કરાવીને વાજબી ભાવ નક્કી કરવામાં મદદરૂપ થવુ; તેમની વચ્ચે પારદર્શિતા જળવાય એ રીતે આંતરિક વાટાઘાટોમાં મદદરૂપ થવુ.
- ઓછી આવક ધરાવતા પરિવારોને ક્રોસ-સબસીડી, ગ્રાહકો અને અન્યો દ્વારા નૈતિક રોકાણો, વાજબી ભાવની દુકાનો/પીડીએસ માં વિશેષ વ્યવસ્થા ગોઠવીને, અને ઉત્પાદકોના કેટલાક ખર્ચા જેવા કે બજારમાં માળખાગત સુવિધાઓ અને/અથવા ઉત્પાદનોના હેરફેરનો ખર્ચ ભોગવીને તેમને સજીવ ઉત્પાદનો ઉપલબ્ધ કરાવવા.
- જીએસટી અને આવા અન્ય કર રદ કરવા જે કુટીર અને હસ્તકળા કારીગરીવાળા ઉત્પાદનો માટે ધંધામાં વધારે અસમાનતાઓ સર્જે છે.
- દરેક વયજૂથના શહેરી ગ્રાહકો માટે જ્યાં પ્રાથમિક ઉત્પાદકો કામ કરે છે એ જોવા, સમજવા, અને ઉત્પાદનની પ્રક્રિયામાં સહભાગી થવા માટે તેમની નિયમિત મુલાકાતો ગોઠવવી જેથી તેઓ માત્ર નિષ્ક્રિય ગ્રાહકો ન બની રહેતાં, સંવેદનશીલ ભાગીદારમાં પરિવર્તિત થઇ શકે.

**સંકટ: ગ્રામ્ય વિસ્તારોમાં આજીવિકાની અસલામતી સ્થળાંતરણ તરફ દોરી જાય છે**

**ઉકેલ: સ્થાનિક શાસન આધારિત સ્થાયી આજીવિકા**



ફોટો સૌજન્ય : શ્રીષ્ઠિ બાજપાય



ફોટો સૌજન્ય : ઝાડુરામ હલામી અને ઇજામસૈન કટેંગે



(ડાબે) મહાગ્રામ સભા; (જમણે) સાલ્હે ગામના રહેવાસીઓ ગ્રામ સભા ફંડમાંથી રાહત પેકેજ મેળવી રહ્યા છે

## કોરચી, મહારાષ્ટ્રમાં વન આધારિત આજીવિકાઓ

૨૦૧૬ માં ઉત્તર ગડચિરોલી (મહારાષ્ટ્ર) માં, ૯૦ ગ્રામસભાઓ મહાગ્રામ સભા તરીકે ઓળખાતુ એક સંઘ (ફેડરેશન) રચવા માટે એક મંચ હેઠળ એકઠા થયા. આનો ઉદ્ભવ એક મીટિંગમાંથી થયો હતો જે ખાણ પ્રવૃત્તિનો અસરકારક રીતે વિરોધ કરવા માટે આયોજીત કરવાની જરૂરિયાત ઉદ્ભવી હતી કારણ કે ખાણપ્રવૃત્તિને કારણે તેમની આજીવિકા પર જોખમ ઉભુ થયુ હતુ તેમજ સ્થાનિક આજીવિકાના સ્રોતને પણ સલામત કરવાની જરૂર હતી. મહાગ્રામ સભા પ્રત્યક્ષ લોકશાહી પર પોતાનો હક દાવો રજૂ કરવા, ઉત્પાદનના સાધનો સ્થાનિક ધોરણે ઉપલબ્ધ કરાવવા, જૈવવિવિધતાના સંરક્ષણ દ્વારા પર્યાવરણીય સંતુલન જાળવવા, સાંસ્કૃતિક ઓળખને પુનઃજીવિત કરવા, તેમજ સામાજીક સંબંધોમાં બદલાવ લાવવા જેવા કે જાતિગત અસમાનતા ની દિશામાં કાર્યરત છે. આ બધી પ્રવૃત્તિઓ દ્વારા તે વિકાસના વર્તમાન મોડલ સામે સવાલ ઉભા કરી રહ્યા છે જેમાં બીજા બધાની સાથે ખાસ કરીને સ્વાસ્થ્ય અને શિક્ષણની પરંપરાગત પધ્ધતિનો પણ સમાવેશ થાય છે કારણ કે તે મુખ્યત્વે આદિવાસી પ્રદેશ સાથે સંબંધિત છે.

વન અધિકાર અધિનિયમ ૨૦૦૬ અને પંચાયત (નિયત વિસ્તારોને એક્સટેન્શન) અધિનિયમ ૧૯૯૬ નો ઉપયોગ કરીને, આમાંની ૮૭ ગ્રામસભાઓએ શાસનનો તેમજ તેમના જંગલોનો વપરાશ અને સંરક્ષણનો અધિકારો મેળવ્યા છે. આનાથી સરકારના કેન્દ્રિત નિયંત્રણની બે સદીઓને ઉલટાવી દીધી છે. આની સાથે,

**સંકટ: ગ્રામ્ય વિસ્તારોમાં આજીવિકાની અસલામતી સ્થળાંતરણ તરફ દોરી જાય છે**

**ઉકેલ: સ્થાનિક શાસન આધારિત સ્થાયી આજીવિકા**



લાકડા સિવાયના વન ઉત્પાદનોના એકત્રીકરણ અને વેપારના કારણે પરિવારની આવકમાં વધારો થયો છે, અને સમુદાય આધારિત વન સંરક્ષણ અને પ્રબંધન શક્ય બન્યુ છે. સૌથી મહત્વની બાબત એ છે કે આના કારણે ગ્રામ્ય કક્ષાએ ફંડ ઉભુ કરવાનું શક્ય બન્યુ છે, જેનો ઉપયોગ સંખ્યાબંધ સામુદાયિક પ્રવૃત્તિઓ માટે, જરૂરતમંદ પરિવારોને સ્વાસ્થ્ય અને શિક્ષણ માટે મદદરૂપ થવા, તેમજ પૂર અને દુષ્કાળથી થતાં નુક્સાનનો સામનો કરવા માટે કરવામાં આવે છે. જે ગ્રામસભાઓને સારી આવક થઇ હતી તેમણે અન્ય ગ્રામસભાઓને નાણાંકીય સાહસો શરૂ કરવા માટે લોનસ્વરૂપે નાણાંકીય સહાય કરી હતી.

કોવીડ દરમિયાન, ગ્રામસભાઓની તેમના જંગલોમાંથી આવક ઉભી કરવાની ક્ષમતા ખૂબ જ મહત્વપૂર્ણ રહી. કુકડાલે, સાલહે, ગહનેગટા, અને ઝંકારગોંદી ગામોમાં રાશન કીટનું વિતરણ કરવામાં આવ્યુ હતું જેમાં જમીનવિહોણા પરિવારો, વિધવાઓ, વિકલાંગ લોકો, અને સ્થળાંતરિત થયેલા શ્રમિકોના પરિવારો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યુ હતુ.

## બોધપાઠ:

કુદરત અને કુદરતી સંસાધનોના સામુદાયિક શાસન, સ્થાનિક ક્ષમતાવર્ધન, તેમજ પ્રત્યક્ષ લોકશાહી પ્રક્રિયાઓ દ્વારા આજીવિકાની સલામતી અને ઇકોલોજીકલ સ્થાયીત્વ હાંસલ કરી શકાય છે. ભારતનું આર્થિક અને રાજકીય મોડલ સમગ્ર સત્તા કેન્દ્રિત રાજ્ય અને કોર્પોરેશનના હાથમાં મૂકે છે, જ્યારે વાસ્તવમાં, આપણે મૂળભૂત બદલાવ લાવવાની જરૂર છે.

## સંપર્ક:

સિયારામ હાલામી, ૯૪૨૦૧૪૫૮૬૧

**સંકટ: ગ્રામ્ય વિસ્તારોમાં આજીવિકાની અસલામતી સ્થળાંતરણ તરફ દોરી જાય છે**

**ઉકેલ: સ્થાનિક શાસન આધારિત સ્થાયી આજીવિકા**



ફોટો સૌજન્ય : મંજરી આસોક





(ડાબે) ફેસ શીલ્ડ ઉત્પાદનમાં વ્યસ્ત કેરાલાના થીરૂવનંથપુરમના કુદુમ્બાશ્રી સભ્યો; (વચ્ચે) સપ્લાય કંપની માટે કરિયાણાની કીટ પેક કરવાની પ્રક્રિયામાં વ્યસ્ત કેરાલા જીલ્લાના કોલ્લમના કુદુમ્બાશ્રી સભ્યો (જમણે) કેરાલા જીલ્લાના અલાપ્પુઝામાં મન્નનચેરી પંચાયત ખાતે જાનકીયા હોટલ ખાતે ફૂડ પાર્સલ ગોઠવતા કુદુમ્બાશ્રી સભ્યો

## કુદુમ્બશ્રી, કેરાલા

કુદુમ્બશ્રીની શરૂઆત ૧૯૯૮ માં કેરાલા રાજ્યના ગરીબી હટાવો મિશનના ભાગરૂપે થઇ હતી. તે કેરાલાની મહિલાઓના પાડોશી જૂથોની સામુદાયિક સંસ્થા છે, જેનો પ્રારંભ ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં મહિલાઓને આર્થિક અને સામાજીક બંને રીતે સશક્ત બનાવવા માટે થયો હતો. પ્રોગ્રામમાં એ બાબત પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યુ હતુ કે ગામ અથવા મ્યુનિસિપાલિટીની દરેક મહિલા આ પ્રક્રિયાનો હિસ્સો હોવી જોઇએ અને પ્રક્રિયા સ્થાનિક ધોરણે હાથ ધરાય. દરેક સરકારી પહેલ- ખાદ્યપદાર્થ સલામતી થી માંડી સ્વાસ્થ્ય વીમો, હાઉસીંગ થી માંડી એન્ટરપ્રાઇઝ ડેવલપમેન્ટ, નેશનલ વેજ એમ્પ્લોયમેન્ટ પ્રોગ્રામ થી માંડીને જગરાથાસમિતિ, દરેક વિકાસ કાર્ય સામુદાયિક ઇન્ટરફેસ માટે કુદુમ્બશ્રી પર આધારિત છે અને આથી સ્થાનિક સ્વશાસનની ખાતરી મળે છે. તે ઉત્પાદનના વિવિધ સ્વરૂપોને પ્રોત્સાહન આપે છે, જેમાં ઘરેલુ વસ્તુઓ, એગ્રો-પ્રોસેસિંગ અને હસ્તકળાનો સમાવેશ થાય છે, જેના કારણે લાખો મહિલાઓ તેમના ઘરે બેસીને યોગ્ય આજીવિકા કમાઇ શકે છે.

કોવીડના સમયમાં, કુદુમ્બશ્રી સરકારના રાહત કાર્ય અને સમુદાયો વચ્ચે એક મહત્વની કડી તરીકે ઉભરી આવી હતી. કુદુમ્બશ્રીએ સ્થાનિક સ્વ-શાસન એકમ સાથે મળીને સ્થાનિક માળખામાં સામુદાયિક રસોડા શરૂ કર્યા હતા, જ્યાં ખોરાક તૈયાર કરવામાં આવતો હતો અને ઘરે ક્વોરન્ટાઇન થયેલા અનને જરૂરિયાતમંદ લોકોને ઘરે પહોંચાડવામાં આવતો હતો. તેમણે ગામો તેમજ શહેરોમાં પણ કોવીડ અંગે માહિતી વિતરણ

**સંકટ: ગ્રામ્ય વિસ્તારોમાં આજીવિકાની અસલામતી સ્થળાંતરણ તરફ દોરી જાય છે**

**ઉકેલ: સ્થાનિક શાસન આધારિત સ્થાયી આજીવિકા**



કરવામાં, સરકારી સૂચનાઓનો પ્રસાર કરવામાં તેમજ હેલ્પલાઇન દ્વારા લોકોને જોડવામાં સક્રિય ભૂમિકા ભજવી હતી. કુદુમ્બશ્રીએ ૩૦૦ ટેલરીંગ યુનિટ દ્વારા ૨ મિલિયનથી વધારે કોટન માસ્ક તૈયાર કરાવ્યા હતા તેમજ વેચ્યા હતા. આ ઉપરાંત, ૨૧ માઇક્રો એન્ટરપ્રાઇઝ યુનિટે લગભગ ૫૦૦૦ લિટર સેનીટાઇઝર તૈયાર કર્યા હતા. કોવીડ-૧૯ દરમિયાન કુદુમ્બશ્રી ફેસ શીલ્ડ બનાવી રહી છે, આ એ સંરક્ષણાત્મક ડ્રેસ છે જે કોવીડ-૧૯ દર્દીઓની સારવારમાં રોકાયેલા મેડિકલ સ્ટાફ દ્વારા ઉપયોગમાં લેવામાં આવે છે.

## બોધપાઠ:

સ્વ-શાસન અને સામુદાયિક સશક્તિકરણ, મહિલાઓનું સશક્તિકરણ, સમુદાય પ્રેરિત પ્રયાસો મહત્વની ભૂમિકા ભજવી શકે છે. સંકટના સમયમાં, કેન્દ્રિત નિર્ણય લેવાની પ્રક્રિયા અને નિયંત્રણ ભાગ્યે જ કામ કરે છે જે આપણે વર્તમાન સંકટની પરિસ્થિતિમાં જોઇ શકીએ છીએ. દરેક રાજ્ય સરકારે તેમના પોતાના નિયમો બનાવવા પડે છે, પ્રક્રિયાઓ હાથ ધરવી પડે છે અને પડકારોનો સામનો કરવા માટે સ્વનિર્ભર બનવુ પડે છે. વિકેન્દ્રિત અને સશક્ત નિર્ણય પ્રક્રિયા આવા સંકટોનો સામનો કરવા વધારે સજ્જ નીવડશે.

## સંપર્ક:

ed@kudumbashree.org, ૦૪૭૧-૨૫૫૪૭૧૭

ફોટો સૌજન્ય : મંજરી આસોક










(ડાબે) કેરાલાના પઠાનમથીટ્ટા જીલ્લાના આદિવાસી વિસ્તારો ખાતે આયોજીત ફૂડ કીટ વિતરણ; (વચ્ચેથી ડાબે) કેરાલાના પઠાનમથીટ્ટા જીલ્લાના કુદુમ્બાશ્રી સભ્યો ફેસ માસ્કના ઉત્પાદનમાં વ્યસ્ત; (વચ્ચેથી જમણે) કેરાલાના કોઝીકોડ જીલ્લાની કુદુમ્બાશ્રી મહિલાઓ સેનીટાઇઝરના ઉત્પાદનમાં વ્યસ્ત; (જમણે) કેરાલાના અલાપ્પુઝા જીલ્લાના કૈનાકારી પંચાયત સીડીએસ દ્વારા તરતા સુપરમાર્કેટનું આયોજન

**સંકટ: ગ્રામ્ય વિસ્તારોમાં આજીવિકાની અસલામતી સ્થળાંતરણ તરફ દોરી જાય છે**

**ઉકેલ: સ્થાનિક શાસન આધારિત સ્થાયી આજીવિકા**



ફોટો સૌજન્ય : સમાજ પ્રગતિ સહયોગ





(ડાબે) ડેમનું બાંધકામ; (જમણે) સેવનપંતી નાલા વોટરશેડ પ્રબંધન પરિણામો

## મધ્ય ભારતમાં આજીવિકા અને પાણીની સલામતી

મધ્યપ્રદેશના દેવાસમાં જેનું વડુમથક છે એ સમાજ પ્રગતિ સહયોગ (એસપીએસ)ભારતનું સૌથી વિશાળ સિવિલ સોસાયટી ઇનીશીયેટીવ છે, જે મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્રના ૭૨ જીલ્લાઓમાં લાખો એકર જમીનમાં તેના ભાગીદારો સાથે કામ કરે છે. છેલ્લા ત્રણ દાયકા દરમિયાનની એની મોટાભાગની કામગીરી આદિવાસી સમાજને કેન્દ્રમાં રાખીને કરવામાં આવી છે, જે અંતર્ગત સલામત ખેતી અને અન્ય આજીવિકાઓ માટે પાયો તૈયાર કરવા વિકેન્દ્રિત વોટર સીક્યુરીટીને પ્રાધાન્ય આપવામાં આવ્યુ છે. ન્યાય, સ્થાયીત્વ, સશક્તિકરણ, મહિલાઓ સહિત સૌથી વંચિત વર્ગને પ્રાધાન્ય આપવુ વગેરે હાર્દરૂપ સિધ્ધાંતો છે. તેના કામની કેટલીક ચાવીરૂપ ફલશ્રુતિઓમાં- લગભગ ૧૨૦ ગામોમાં પેયજળ અને સિંચાઇ માટે પૂરતા પ્રમાણમાં પાણીનું આયોજન, તેમજ ખેતીલક્ષી ઉત્પાદકતામાં સતત વધારો, મજબૂરીવશ કરવા પડતા સ્થળાંતરમાં ૮૦% નો ઘટાડો વગેરેનો સમાવેશ થાય છે. આજીવિકા સંબંધિત અન્ય કામ, ખેતી (ખેતી અને પશુપાલન), તેમજ તેની સાથે સંબંધિત પ્રવૃત્તિઓ સો થી વધારે ગામોમાં ફેલાયેલી છે; ૧૨૦ થી વધારે ગામોમાં, ૯૦૦૦ હેક્ટરથી વધારે જમીનમાં પેસ્ટીસાઇડ્સનો ઉપયોગ કર્યા વિના ખેતી કરવાની પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવામાં આવે છે. કામ માટેનો સંસ્થાગત પાયો મહિલાઓના સ્વસહાય જૂથો (એસએચજી) છે, જે ૫૦૦ થી વધારો ગામો અને ૧૫ નગરોમાં રચવામાં આવ્યા હતા (૨૦૧૮ ના અંત સુધીમાં). અન્ય એક સંસ્થાગત કામગીરી રામ રહીમ પ્રગતિ પ્રોડ્યુસર કંપની લિમિટેડ (આરઆરપીપીસીએલ) છે, જેમાં ૩૦૦ થી વધારે સ્વસહાય જૂથોમાં થઇને ૪૮૦૦ મહિલા સભ્યો છે. તેના કાર્યક્ષેત્રમાં સ્વાસ્થ્ય અને પોષણલક્ષી સજાગતા અને સુધાર પર પણ ખાસ ધ્યાન આપવામાં આવે છે.

તેમની પ્રત્યક્ષ સામેલગીરી સિવાય, તેઓ લોકોના સશક્તિકરણ માટેના તેમના બાબા આમટે સેન્ટર દ્વારા અન્ય વિસ્તારના લોકોને પણ શીખવાની તકો પૂરી પાડે છે.

ઉકેલ ૦૧
ઉકેલ ૦૨

## સંકટ: ગ્રામ્ય વિસ્તારોમાં આજીવિકાની અસલામતી સ્થળાંતરણ તરફ દોરી જાય છે
## ઉકેલ: સ્થાનિક શાસન આધારિત સ્થાયી આજીવિકા



કોવીડ સંકટ દરમિયાન, એસપીએસે મધ્ય પ્રદેશના દેવાસ અને ખારગોને જીલ્લાના ૧૩,૦૦૦ થી વધારે પરિવારોને રાહત પહોંચાડી હતી, તેમના સ્વસહાય જૂથો દ્વારા તેઓ સૌથી વંચિત લોકોને તારવવામાં અને તેમને રાહત પેકેજ વિતરિત કરવામાં સક્રિય ભૂમિકા ભજવી હતી. એક રસપ્રદ પ્રયોગ એ હતો કે આ પેકેજ માટે જે ઘઉં એકત્રિત કરવામાં આવ્યા હતા એ આરઆરપીપીસીએ દ્વારા હજારો સ્થાનિક ખેડૂતો પાસેથી ખરીદવામાં આવ્યા હતા, જેના લીધે તેમને લોકડાઉનની વચ્ચે મજબૂરીવશ તેમના ઉત્પાદનો વેચવા નહોતા પડયા. આરઆરપીપીસીએલ દ્વારા આ ઘઉંને દળીને લોટ તૈયાર કરાવવામાં આવ્યો હતો અને રૂ. ૩૮ લાખની કિંમતનો આ ૧૧૮.૪૦ ટન લોટ રાહત પેકેજમાં સમાવિષ્ટ કરવામાં આવ્યો હતો. આથી, ત્રણ ફાયદા થયા હતા: સારા ભાવે ઘઉંની ખરીદી કરવાથી ખેડૂતોને મદદ થઇ, ઘઉંના લોટના વેચાણ દ્વારા આરઆરપીપીસીએલના ખેડૂત શેરહોલ્ડરો માટે આવક, અને આવશ્યક વસ્તુઓના પેકેજ મફતમાં પહોંચાડવાને કારણે સૌથી વંચિત પરિવારોને રાહત થઇ.

તેના આગામી તબક્કામાં, એસપીએસ આર્થિક તકલીફ સામે લાંબા ગાળાની વ્યૂહરચના તરીકે સ્થાનિક આજીવિકાઓને વધારે મજબૂત બનાવવાની આશા રાખે છે.

## બોધપાઠ:

સ્વસહાય સંસ્થાનો દ્વારા ગામોનું સશક્તિકરણ, જેમાં મહિલાઓ પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે, અને સ્થાનિક અર્થતંત્રને પુર્નજીવિત કરવું જે કામ માટે મજબૂરીવશ કરવા પડતાં સ્થળાંતરને ઘટાડે છે, સંકટના સમયમાં સમુદાયોને તીવ્ર સ્થિતિસ્થાપકતા પ્રદાન કરે છે. આમાં રાજ્ય રાહત માપદંડોમાંથી સાપેક્ષ સ્વાતંત્ર્યનો સમાવેશ થાય છે.

## સંપર્ક:

મિહિર શાહ, mihirbhai25@gmail.com

ફોટો સૌજન્ય : સમાજ પ્રગતિ સહયોગ







(ડાબે) કોવીડ-૧૯ સંકટ દરમિયાન સમાજ પ્રગતિ સહયોગ (એસપીએસ) રાહત કાર્ય; (જમણે) હટપીપલીયા મહિલાઓની એસએચજી ફેડરેશન (એસપીએસ) ની જનરલ બોડી મીટિંગ

**સંકટઃ ગ્રામ્ય વિસ્તારોમાં આજીવિકાની અસલામતી સ્થળાંતરણ તરફ દોરી જાય છે**

**ઉકેલઃ સ્થાનિક શાસન આધારિત સ્થાયી આજીવિકા**



ફોટો સૌજન્ય : ખોજ





(ડાબે) રાહુ ગ્રામ સભા; (જમણે) મહારાષ્ટ્રના અમરાવતી જીલ્લાના રાહુ ગામમાં વાંસનો ડેપો

## વન અધિકારો ધરાવતા ગામો, મેલઘાટ વિસ્તાર, મહારાષ્ટ્ર

મહારાષ્ટ્રના અમરાવતી જીલ્લાના મેલઘાટની તળેટીમાં આવેલા પાયવિહિર અને અન્ય ગામોએ વન અધિકાર અધિનિયમ ૨૦૦૬ હેઠળ સામુદાયિક વન સંસાધન અધિકારો (સીએફઆર) મેળવ્યા બાદ તેમના વનોના સંરક્ષણ અને વેરાન થઇ રહેલી જમીનનું ફરીથી વનીકરણ કરવામાં મહારથ હાંસલ કરી છે. તેમની ગ્રામસભાઓએ મનરેગા, ડેરી, અને માછીમારી જેવા સ્ત્રોતોમાંથી થતી આવક વધારવા માટે વિવિધ સરકારી અને સિવિલ સોસાયટી એજન્સીઓ સાથે સંકલન કર્યુ છે અને તેઓ મોટાપાયે સજીવ ખેતી તરફ પણ વળી રહ્યા છે. લોકો સ્થાનિક ડેમમાંથી કાંપ હટાવીને તેનો ઉપયોગ ખેતરમાં કરે છે, જેનાથી તેમની ઉત્પાદકતા લગભગ ૩ થી ૪ ગણી વધી છે. વધારે સારા સંરક્ષણને કારણે વન્યસૃષ્ટિ માટેની વસાહતમાં પણ વધારો થયો છે.

કોવીડ સંકટ દરમિયાન, પાયવિહિરે તાત્કાલિક તેની હદો બંધ કરી દીધી હતી, વિક્રતાઓ સાથે મળીને આવશ્યક વસ્તુઓ સાપ્તાહિક ધોરણે ઉપલબ્ધ થાય એવુ આયોજન કર્યુ હતુ, તેમજ ખેડૂતોને તેમના ખેતરો માટે સમયસર શ્રમિકો મળે એવી વ્યવસ્થા કરી હતી. તેમણે એમના અન્ય કામોનું એ રીતે આયોજન કર્યુ હતુ કે તેમને ખેતી અથવા વન્ય કામગીરી માટે બહારથી શ્રમિકો લાવવાની જરૂર પડી નહોતી. આ રીતે ખેતર અને વન બંને જગ્યાએ લોકડાઉન દરમિયાન પણ મોટાભાગનો સમય કામગીરી ચાલુ રહી હતી. મહિલાઓએ તેમના સ્વસહાય જૂથો દ્વારા માસ્ક તૈયાર કર્યા હતા અને અન્ય સ્વસહાય જૂથે બધા પરિવારોને સમયસર પીડીએસ પુરવઠો મળી રહે તે જવાબદારી સંભાળી હતી. ગામમાં આવનાર અને જનારની માહિતી પધ્ધતિસર નોંધવામાં આવતી હતી.

ઉકેલ ૦૧
ઉકેલ ૦૨

**સંકટ: ગ્રામ્ય વિસ્તારોમાં આજીવિકાની અસલામતી સ્થળાંતરણ તરફ દોરી જાય છે**
**ઉકેલ: સ્થાનિક શાસન આધારિત સ્થાયી આજીવિકા**



અન્ય એક ગામ, રાહુએ આ સંકટનો આનાથી પણ વધારે સારી રીતે સામનો કર્યો હતો, તેમણે લાકડા સિવાયની વનપેદાશ (ખાસ કરીને વાંસ અને તેંદુના પાંદડા) માંથી થતી આવકમાંથી તેમનો હિસ્સો વિતરિત કર્યો હતો જે પરિવાર દીઠ રૂા. ૧૦,૦૦૦ હતો. આ એટલા માટે શક્ય બન્યુ હતુ કારણ કે એફઆરએ હેઠળ મળેલા સીએફઆર અધિકારોને કારણે રાહુ છેલ્લા ૫ વર્ષથી તેમના વનોનું પ્રબંધન સંભાળતા હતા અને તેમાંથી રૂા. ૩ કરોડથી વધારેની આવક થઇ હતી. આ આવકનો અમુક હિસ્સો ગ્રામસભામાં નક્કી કરવામાં આવેલી સંયુક્ત સમુદાય પ્રવૃત્તિઓ માટે તેમજ પ્રબંધન, સંરક્ષણ અને વનલક્ષી કામગીરી માટે ઉપયોગમાં લેવામાં આવે છે.

રાહુએ પણ કોવીડ દરમિયાન તેની હદો બંધ કરી દીધી હતી, અને એક સ્થાનિક ગ્રામજન દ્વારા જરૂરી ચીજવસ્તુઓનો પુરવઠો મળી રહે એવી વ્યવસ્થા કરી હતી. તેમણે તેમના ખેતરોમાં કામ કરવાનું ચાલુ રાખ્યુ હતુ અને વાંસ અને મહુઆની લણણી માટેની તૈયારીઓ પણ શરૂ કરી દીધી હતી. આ વર્ષે, લગભગ ૧૦૦ પરિવારો પાસે પરિવાર દીઠ ૧ ક્વિન્ટલ મહુઆ ફૂલ હતા. ગ્રામસભાએ પૂરતી વિચારણા બાદ એવુ નક્કી કર્યુ હતુ કે તે લોકો પાસેથી એ એકત્રિત કરશે, સંગ્રહ કરશે અને પાછળથી તેનું માર્કેટિંગ કરશે, જેથી કોઇને મજબૂરીવશ ઓછી કિંમતે તે વેચવા ન પડે; આના માટે તેમણે સ્થાનિક બેંકોની સેવાઓનો પણ ઉપયોગ કર્યો હતો. હવે તેમની પાસે વાંસની લણણી માટે એક આખો મહિનો છે અને ત્યારબાદ તે જાહેર હરાજી દ્વારા તે વેચવાનું આયોજન કરી શકશે. તેમને બજારમાંથી કેવો પ્રતિસાદ મળશે તેની ચિંતા છે પણ તેમને વિશ્વાસ છે કે આમાંથી બહાર નીકળવાનો કોઇ માર્ગ હશે જ.

## બોધપાઠ:

જે ગામોએ સ્થાનિક સજાગતા અને શાસન દ્વારા પોતાને સશક્ત બનાવ્યા હોય, અને એફઆરએ જેવા યોગ્ય કાયદાઓનો ઉપયોગ કર્યો હોય તે કોવીડ જેવા સંકટનો અન્યો કરતાં અને શહેરો કરતાં પણ વધારે સારી રીતે સામનો કરી શકે છે. તેમની સ્થિતિસ્થાપકતા આવી પરિસ્થિતિઓમાં જોવા મળે છે. યોગ્ય ડીજીટલ ટેકનોલોજીનો (દા.ત. જરૂરી સેવાઓ સંબંધિત કમ્યુનિકેટ કરવા માટે અને સ્થાનિક ઉત્પાદનોના માર્કેટિંગ માટે) ઉપયોગ કરવો પણ એટલું જ જરૂરી છે.

## સંપર્ક:

પૂર્ણિમા ઉપાધ્યાય, khojmelghat@gmail.com
૨૭૭૨૯૨/૯૮૯૦૩૫૯૧૫૪/૯૪૨૨૯૧૭૭૩૨
રામલાલ, gramsabhapayvihir@gmail.com
૭૭૭૪૮૭૭૩૦૪

**સંકટ: ગ્રામ્ય વિસ્તારોમાં આજીવિકાની અસલામતી સ્થળાંતરણ તરફ દોરી જાય છે**

**ઉકેલ: નાના પાયાના, તીવ્ર મહેનત માંગી લે તેવા ઉત્પાદનો અને કળાઓ**



ફોટો સૌજન્ય : આર. એલાન્ગો



ફોટો સૌજન્ય : અશીષ કોઠારી



(ડાબે) કુથમબક્કમ સામુદાયિક સભા; (જમણે) સમથુવાપુરમ મકાનો અને દુકાન, કુથમબક્કમ, તમિલનાડુ

## કુથુમબક્કમ, તમિલનાડુમાં આર્થિક પુનરુત્થાન

કુથુમબક્કમ, ચેન્નાઇના બાહ્ય વિસ્તારમાં આવેલુ એક ગામ છે, જે સાત વાંઢનુ બનેલુ છે. ૧૯૯૦ ની શરૂઆતના તબક્કામાં, કુથુમબક્કમમાં રસ્તાઓ અથવા માળખાગત સુવિધાઓ નહોતી, આજીવિકા બાબતે પણ અસલામતી હતી, જ્ઞાતિ આધારિત ભેદભાવ પણ વધારે પ્રમાણમાં હતા, તેમજ મહિલાઓ અને બાળકો પર થતી ઘરેલુ હિંસાના કેસો નોંધાયા હતા. આ વિસ્તાર ગેરકાનૂની દારૂના પીઠા અને કાળા બજારનું મુખ્ય પ્રાદેશિક કેન્દ્ર હતુ.

આ પરિસ્થિતિમાં એલાન્ગોરંગાસ્વામી તેમની શહેરની નોકરી છોડીને કુથુમબક્કમ પાછા ફર્યા હતા, અને ૧૯૯૬ માં પંચાયતની ચૂંટણી જીત્યા બાદ તેમણે ગામમાં બદલાવ લાવવાનો પ્રયત્ન કરવાનો નક્કી કર્યુ હતુ. તેમણે પાયાના સ્તરે આયોજન કરવાની શરૂઆત કરી, અને સ્થાનિક લોકોને ગામની સમસ્યાઓ અંગે પ્રતિભાવ આપવા જાગૃત કર્યા. તેમની પ્રારંભિક આકાંક્ષા ગેરકાનૂની દારૂનું ઉત્પાદન, મહિલા પર થતી હિંસા અને જ્ઞાતિ આધારિત ભેદભાવ વગેર મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાની હતી; તેમનું વ્યાપક સપનું બધા માટે યોગ્ય રહેઠાણ પ્રદાન કરવાનું, વધારે સ્વસહાય જૂથો રચવાનું, પંચાયતની પ્રવૃત્તિઓ દ્વારા રોજગારીનું સર્જન કરવાનું, સ્થાનિક સંસાધનો પર આધારિત આજીવિકાઓનું નિર્માણ કરવાનું, અછતની જગ્યાએ અખૂટના સિધ્ધાંત પર અર્થતંત્રાનું નિર્માણ કરવાનું હતુ. લગભગ ૧૫૦ જેટલા પરિવારો નાના-પાયાના ઉત્પાદન એકમોમાં સ્થાનિક રોજગારી મેળવવા સક્ષમ બન્યા હતા. આ ઉપરાંત, રાજ્ય સરકારની હાઉસીંગ યોજના (સમથાપુરમ)નો ઉપયોગ કરીને, તેમણે ઘણા બધા પરિવારોને મિશ્ર જ્ઞાતિની વસતી ધરાવતી હાઉસીંગ કોલોનીમાં રહેવા સમજાવ્યા. આર્થિક પુનરુત્થાનની એક ફલશ્રુતિ એ હતી કે કામ માટે સ્થળાંતર કરવાનું ચલણ ઓછુ થઇ ગયુ હતુ.

એક એન્જિનિયર અને સંશોધક તરીકે, એલાન્ગોએ જાહેર જગ્યાઓ અને ઘરેલુ એમ બંને જગ્યાઓએ ઉર્જા બચાવવા માટેના ઉકેલો શોધવા અંગે કામગીરી કરી, જેમાં વાજબી ભાવની સોલાર કીટનો પણ સમાવેશ કર્યો. તમિલનાડુમાં પંચાયત આગેવાનોમાં સારી ટેવોનો પ્રસાર કરવા, શિક્ષિત કરવા અને તેમનું ક્ષમતાવર્ધન કરવા માટે પંચાયત એકેડમી તરીકે ઓળખાતો એક પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો હતો. આ બધા દ્વારા, તેમણે ગામમાં

## સંકટ: ગ્રામ્ય વિસ્તારોમાં આજીવિકાની અસલામતી સ્થળાંતરણ તરફ દોરી જાય છે
## ઉકેલ: નાના પાયાના, તીવ્ર મહેનત માંગી લે તેવા ઉત્પાદનો અને કળાઓ



લોકો સાથે સતત સંવાદ સાધવાનું ચાલુ રાખ્યુ હતુ અને સ્થાનિક સહભાગિતા વધારવા પ્રયત્ન કર્યો હતો. પ્રાથમિક કામગીરી છે, એલાન્ગો કહે છે,''પારિવારિક સ્તરે અને પારિવારિક સ્તરના ક્લસ્ટરમાં સ્વનિર્ભરતા આવે એવા કૌશલ્યો નિર્માણ કરવાથી સ્વનિર્ભર ગામોનું સર્જન થાય છે. આવા ગામોનું નેટવર્ક સજાગ અને વિશ્વાસપાત્ર આર્થિક ઝોન ઘડશે.''

કોવીડ૧૯ ના પ્રતિભાવરૂપે, એલાન્ગોએ સૂર્ય ઉર્જાનો ઉપયોગ કરીને જીવાણુમુક્ત કરવાની એક રીત તૈયાર કરી હતી, જે કોઇ પણ ઘરમાં ગોઠવી શકાય. સમુદાયો જીવાણુનાશકો અને અન્ય સેનિટરી ઉત્પાદનો સ્થાનિક ધોરણે ઉત્પન્ન કરી શકે એ માટે આ તકનીકનો ઉપયોગ કરી શકાય અને સંપૂર્ણ સ્થાનિક સેનિટેશનની ખાતરી મેળવી શકે.


## બોધપાઠ:

નાના પાયાના ઉત્પાદન એકમો ગામડા અને નગરોમાં સ્થાનિક આજીવિકાનો મુખ્ય સ્રોત બની શકે છે. વધુમાં, જ્ઞાતિવાદ ઘટાડવા માટે પ્રયાસો હાથ ધરવા અને નવતર રીતો શોધવી ખૂબ જ જરૂરી છે. આવા આર્થિક અને સામાજીક બદલાવ દ્વારા, ગ્રામજનોને ગામમાં જ રહેવા અને સન્માનપૂર્ણ જીવન જીવવાની અને આજીવિકા કમાવવાની પરિસ્થિતિઓ સર્જી શકાય છે, જેનાથી મજબૂરીવશ કરવા પડતા સ્થળાંતરમાં નોંધપાત્ર ઘટાડો લાવી શકાય છે.

## સંપર્ક:

એલાન્ગો આર. , panchayatgovt@gmail.com, ૯૯૪૦૬૮૨૨૦૧
એલાન્ગો સાથેની કોવીડ સમયની વાતચીત પણ જુઓ:
https://vscoronatimes.blogspot.com/2020/05/vikalp-varta-4-innovation-and.html

ફોટો સૌજન્ય : સ્પેશ્યલ અરરેન્જમેન્ટ (થઈ હિન્દૂ)



ફોટો સૌજન્ય : અશીષ કોઠારી



(ડાબે) કોવીડ સમયમાં એલાન્ગો આર. દ્વારા શોધવામાં આવેલી સૂર્યઉર્જા દ્વાર જીવાણુમુક્ત કરવાની પ્રક્રિયા; (જમણે) ઉત્પાદન યુનિટ, કુથમબક્કમ, તમિલનાડુ

**સંકટ: ગ્રામ્ય વિસ્તારોમાં આજીવિકાની અસલામતી સ્થળાંતરણ તરફ દોરી જાય છે**

**ઉકેલ: નાના પાયાના, તીવ્ર મહેનત માંગી લે તેવા ઉત્પાદનો અને કળાઓ**



ફોટો સૌજન્ય : અશીષ કોઠારી



(ડાબે) માસ્ટર વણકર શામજી વિશ્રામ સીજુ અને યુવા ખરાદ વણકર દામાભાઈ મારવાડા, કચ્છ; (મધ્યે) પ્રકાશ નારણભાઈ વણકર, નવતર પ્રયોગો સાથે જાજમ વણાટની પૂર્વજોની પરંપરાને આગળ ધપાવે છે, કચ્છ; (જમણે) શીતલ હિતેશભાઈ, જામથડા ગામ, યુવા મહિલઓમાંથી એક જે હવે વણાટકામમાં રોકાયેલા છે;

## કચ્છમાં હાથશાળ વણાટનો પુનરુત્થાન

ભારતમાં કળા ક્ષેત્ર સાથે પણ આવો જ કંઈક કેસ છે, બે દાયકા પહેલા કચ્છની હાથશાળ કળા અને વેપાર પતન તરફ જઈ રહ્યો હતો. ઔદ્યોગિક એકમો દ્વારા થતા જથ્થાબંધ ઉત્પાદનનું આગમન થતાં, તેમજ ૧૯૯૦ ના અંતમાં અને ૨૦૦૦ ની શરૂઆતમાં કુદરતી આફતોની શ્રેણી સર્જાવાથી, તે માત્ર તેની ભૂતકાળની ઓળખનો પડછાયો બની ગયુ હતુ. આના થોડા સમય બાદ, પડી ભાંગેલા કચ્છને ફરીથી બેઠું કરવાના સિવિલ સોસાયટીના ભરપૂર પ્રયાસોના એક ભાગ તરીકે, કળાઓને મદદરૂપ થતી સંસ્થા ખમીરે કેટલાક સર્જનાત્મક વણકરો સાથે મળીને હાથશાળ વણાટને પુનર્જીવિત કરવા પ્રયાસો હાથ ધરવાનો નિર્ણય કર્યો હતો. સ્થાનિક ધોરણે, સજીવ ખેતી દ્વારા ઉગાડેલા કાલા કપાસ સાથે નવતર પ્રયોગો હાથ ધરીને, તેમજ વાવણી થી માંડીને કાપડના ઉત્પાદન સુધીની કડી પુનઃ સ્થાપિત કરીને, તેમણે બજારને આકર્ષિત કરી શકે એવી નવા ઉત્પાદનોની શ્રેણી તૈયાર કરી હતી. થોડા વર્ષોની અંદર જ આ કળાને પુર્નજીવન મળ્યુ હતુ અને હવે તેમની ભારતમાં તેમજ ભારતની બહાર પણ સ્થાપિત ઓળખ છે.

આના પરિણામસ્વરૂપે એકંદર સુખાકારીમાં એકંદર વધારો થયો છે, ખાસ કરીને આર્થિક. સૌથી મહત્વપૂર્ણ બાબત એ છે કે આના કારણે તેમનો યુવા વર્ગ આ વ્યવસાયને વળગી રહેવા આકર્ષાયો છે, અથવા ઉદ્યોગો અને મધ્ય-પૂર્વીય એશિયામાં કામ કર્યા બાદ અહી પરત ફર્યા છે. આના માટેનું તેમનુ પ્રેરકબળ માત્ર નાણાકીય નથી; તેમની આગવી સર્જનાત્મકતા અભિવ્યક્ત કરવાનો સંતોષ, ઘરેથી કામ કરવાની અનુકૂળતા અને તેમના પરિવારો સાથે રહેવાની તક, તેઓ પોતે જ પોતાના સાહેબ, અને તેમના પૂર્વજોના વારસાને

**સંકટ:** ગ્રામ્ય વિસ્તારોમાં આજીવિકાની અસલામતી સ્થળાંતરણ તરફ દોરી જાય છે

**ઉકેલ:** નાના પાયાના, તીવ્ર મહેનત માંગી લે તેવા ઉત્પાદનો અને કળાઓ



જાળવી રાખવાની તક વગેરે પણ એટલું જ મહત્વ ધરાવે છે. કચ્છના વણાટની આગવી ઓળખ ગુમાવ્યા વિના, નોંધપાત્ર પ્રમાણમાં નવતર પ્રયોગો અને સર્જનાત્મકતા, વર્ણસંકર (હાઈબ્રીડ) જ્ઞાન અને શીખવાની પધ્ધતિઓ બહાર આવી છે.

આની સાથે સાથે સામાજીક સંબંધોમાં પણ બદલાવ આવ્યા છે, જેમાં જ્ઞાતિ(જે સમુદાયને પરંપરાગત રીતે સૌથી નીચલો હોદ્દો અપાયો હતો તેમની તરફ થતા જ્ઞાતિવાદમાં ઘટાડો), જાતિ (મહત્વની ભૂમિકા અને મહિલાઓ માટે અવાજ) અને પેઢીઓ (યુવાપેઢીનો નિશ્ચય વધારે દૃઢ થયો જ્યારે વડીલો માટે પરંપરાગત માન જાળવી રાખ્યુ)નો સમાવેશ થાય છે.

જો કે તેમના ઉત્પાદનો હવે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બજારને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવતા હોવાથી (જ્યારે પહેલા તે મોટેભાગે સ્થાનિક આપ-લે માટે બનાવવામાં આવતા હતા), આ પરિવર્તને કળાને વધારે નાજુક પણ બનાવી છે. કોવીડ સંકટ સાથે, વૈશ્વિક વેપારમાં આવતા ચડાવ-ઉતાર તેને જે રીતે અસર કરી છે તે જોઇ શકાય છે. આની અસર ખમતીધર વણકરો પર ઓછી થાય એવી શક્યતા છે પરંતુ 'ઉદ્યોગસાહસિક' વણકરો માટે કામ કરતા 'કારીગરો' પર વધારે થશે. તેમ છતાં, એકંદરે જોઇએ તો વણકર સમુદાયને એવુ થતુ હશે કે તેમણે અગાઉ પણ ઘણા સંકટોનો સામનો કર્યો છે, અને તેઓ તેમની રચનાત્મકતા અને કૌશલ્ય દ્વારા આમાંથી પણ બહાર આવી જશે.

## બોધપાઠ:

પૂરતી સર્જનાત્મકતા અને રોકાણ સાથે, પરંપરાગત હસ્તકળા વ્યવસાયોને ટકાવી શકાય, આજીવિકા મેળવવાનો સન્માનજનક સ્રોત બનાવી શકાય, યુવા પેઢીને એમાં ટકી રહેવા સમજાવી શકાય અથવા તેમને પાછા પણ લાવી શકાય. સ્થાનિક જ્ઞાન, સર્જનાત્મકતા અને ઉદ્યોગસાહસિકતાનું નિર્માણ કરવુ, નવી તકનીકો અને ડિઝાઇન વિકસાવવી તેમજ ભેદભાવ અને અસમાનતાના પરંપરાગત અથવા નવા સ્વરૂપોનો સામનો કરવો જરૂરી છે. આવા વ્યવસાયો એ માત્ર નોકરી નથી, પરંતુ એવી આજીવિકા છે જે આર્થિક પાસાંને જીવનના સામાજીક અને સાંસ્કૃતિક પાસા સાથે સાંકળે છે.

## સંપર્ક:

ઘટિત લહેરુ, ghatit.laheru@khamir.org, ૯૯૭૯૪૫૦૧૩૧

યુવા વણકરો સાથે કોવીડ સમયની વાતચીત જોઇ શકશો:
https://vscoronatimes.blogspot.com/2020/04/vikalp-varta-2-youth-weave-new-story-in.html

**સંકટ: ગ્રામ્ય વિસ્તારોમાં આજીવિકાની અસલામતી સ્થળાંતરણ તરફ દોરી જાય છે**

**ઉકેલ: નાના પાયાના, તીવ્ર મહેનત માંગી લે તેવા ઉત્પાદનો અને કળાઓ**



## ગ્રામીણ આજીવિકાની અસલામતી ગ્રામજનોને સ્થળાંતર કરવા મજબૂર કરે છે તે માટે ભલામણો

- ખેડૂતો, વનવાસીઓ, માછીમારો, પશુપાલકો, હસ્તકળા કારીગરો અને અન્ય આવા ઉત્પાદકોને પ્રાધાન્ય આપીને સ્થાનિક આજીવિકાઓ અને બજારને પ્રોત્સાહન આપવુ.
- કુદરત અને કુદરતી સંસાધનો પર આધારિત આજીવિકાઓ, અને તેઓ જેના પર આધારિત છે એવી ઈકોસીસ્ટમ અને પર્યાવરણના સંરક્ષણને પ્રોત્સાહન આપવુ.
- સ્વનિર્ભરતા અને સ્વશાસનને પ્રોત્સાહન આપવુ, ગ્રામસભા, મહોલ્લાસભા અને નિર્ણય લેવાની સત્તા ધરાવતા આવા અન્ય સ્થાનિક એકમોનું સશક્તિકરણ કરવુ. મહિલાઓ અને અન્ય વંચિત સમુદાય/લોકોની સંપૂર્ણ સહભાગિતાને મહત્તમ પ્રાધાન્ય આપવુ.
- યોગ્ય પારદર્શી નિયમો સાથે ગ્રામીણ ફંડ ઉભુ કરવુ, સમુદાયના હિત અંગે વિચારવુ અને અંકુશ અલગ અલગ હાથોમાં સોંપતા રહેવુ.
- કાર્યક્રમો અને નીતિઓના અસરકારક અમલીકરણ માટે સ્થાનિક વહીવટ, આગેવાનો અને કાર્યકરોને પ્રાધાન્ય આપવુ.
- વન અધિકાર અધિનિયમ, પંચાયતી રાજ અધિનિયમ અને પંચાયત અધિનિયમ અને નરેગા જેવા કાયદાઓના અમલીકરણમાં સહકાર આપવો; પ્રોગ્રામને તેની સાથે જોડવા જે સમુદાય માટે લાંબાગાળાના સ્થાનિક સંસાધનો અને ક્ષમતાઓ સર્જી શકે અને તેમને સ્વનિર્ભર અને સ્વશાસિત બનાવી શકે.
- એવી નીતિઓ અને કાર્યક્રમો રદ કરવા જે પ્રાથમિક જરૂરિયાતો માટે દૂરના બજારો પર આધારિત રહેવાને પ્રોત્સાહન આપતી હોય અથવા દબાણ કરતી હોય.
- તમામ વિકાસલક્ષી પ્રવૃત્તિઓ અને નીતિઓનું મૂલ્યાંકન કરવુ જેમાં કુદરત અને કુદરતી સંસાધનોને કાયમી નુક્સાન થતુ હોય.
- એવા તમામ ઉત્પાદનો અને સેવાઓ  જે સ્થાનિક ધોરણે ઉત્પાદિત થઈ શકતી હોય અને સ્થાનિક સમુદાયો તેમજ વિકેન્દ્રિત એકમો દ્વારા આપ-લે/વિતરિત થઈ શકતી હોય, તેના માટે મોટા ઉદ્યોગોને અપાતા ઈન્સેન્ટીવ્સ અને લાભ રદ કરવા.
- લોકોના પ્રાથમિક અધિકારો, અને કુદરત અને પર્યાવરણના સંરક્ષણની કાળજી રાખતા હોય એવા કાયદાઓને હળવા બનાવવાનું અથવા હટાવવાનું બંધ કરવુ.
- હાથથી બનાવેલ ઉત્પાદનો અને પ્રક્રિયાઓ પર લેવાતા ગેરવાજબી કરવેરા, બોજ (જેમ કે જીએસટી) બંધ કરવા; આવા તમામ ખેતર/વન/માછીમારી ઉત્પાદનો અને હસ્તકળા માટે એમએસપી સ્પષ્ટ કરવી, ઉત્પાદકોને માત્ર સરકારી એજન્સીઓને જ વેચવા દબાણ ન કરવુ.

**સંકટ: સમુદાયો સ્વાસ્થ્ય સમસ્યાઓનો સામનો કરવા સક્ષમ નથી**
**ઉકેલ: સામુદાયિક સ્વાસ્થ્ય સશક્તિકરણ**



ફોટો સૌજન્ય : કુનરીયા પંચાયત





(ડાબે) કુનરીયા ગ્રામ સભા; (જમણે) કુનરીયા, કચ્છ, ગુજરાત ખાતે વિલેજ મેપિંગ

## કચ્છ, ગુજરાતના કુનરીયામાં પંચાયતની આગેવાની હેઠળ કોવીડનો સામનો

કુનરીયા ગામ ભુજ, કચ્છથી ૨૦ કિ.મી. દૂર આવેલુ છે. છેલ્લા થોડા વર્ષો દરમિયાન તે ગામોના સ્વશાસનને પ્રોત્સાહન આપતા બંધારણના ૭૩ મા સુધારાના અસરકારક અમલીકરણ તરફ સક્રિય રીતે આગળ વધી રહ્યું છે. ગામના વર્તમાન સરપંચ, સુરેશ છાંગા, ૨૦૧૭ માં ચૂંટાયા હતા, તેમણે વ્યાપક જાહેર સહભાગિતા, સંયુક્ત નિર્ણયપ્રક્રિયા, સંબંધિત સરકારી યોજનાઓના અસરકારક અમલીકરણ, તેમજ ગ્રામજનો અને સરકારી વિભાગો વચ્ચે જોડતી કડી બનવામાં મદદરૂપ બન્યા હતા. લોકોની સહભાગિતા વધારવા, તેમજ તેમના જીવન પર પ્રત્યક્ષ અસર કરતા હોય એવા મુદ્દાઓ અંગે સજાગતા કેળવવા, અને શાસનની પારદર્શકતા માટે યોજનાઓ, નીતિઓ અને બજેટ અંગેની સંબંધિત માહિતી લોકોને નિયમિત મીટિંગો અને સોશિયલ મીડીયા દ્વારા લોકોને ઉપલબ્ધ કરાવવામાં આવે છે. મહિલાઓના અવાજ અને મંતવ્યો પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવાને કારણે તેમની સહભાગિતા ૦ થી વધીને ૫૦% થઈ છે. પંચાયત પણ મનરેગા અને અન્ન સલામતી અધિનિયમ જેવા પ્રગતિકારક કાયદાઓના અમલીકરણ અંગે સક્રિય રીતે કામ કરી રહી છે. યુએન સ્થાયી વિકાસ લક્ષ્યાંકો હાંસલ કરવાનો એક સ્પષ્ટ પ્રયાસ છે.

કુનરીયાએ વિસ્તારની પંચાયતોને એકબીજા સાથે જોડવામાં પણ આગેવાની લીધી છે. સ્વાસ્થ્ય, શિક્ષણ, ખેતી, પશુપાલન, મહિલાઓની સહભાગિતા, સ્વચ્છતા, રોજગારી અને પર્યાવરણ અંગે ૧૧૫ થી વધારે સજાગતા કાર્યક્રમો આયોજીત કરીને ૧૬,૦૦૦ લોકો સુધી પહોંચ્યા હતા.

**સંકટ: સમુદાયો સ્વાસ્થ્ય સમસ્યાઓનો સામનો કરવા સક્ષમ નથી**
**ઉકેલ: સામુદાયિક સ્વાસ્થ્ય સશક્તિકરણ**



કોવીડ સંકટ દરમિયાન, પંચાયતે કોવીડ અંગે સજાગતા કેળવવા અને સંબંધિત સલામતીના પગલાં લેવા સોશિયલ મીડીયાનો પૂરેપૂરો ઉપયોગ કર્યો હતો અને ઘરે ઘરે જઇને સ્વાસ્થ્ય સર્વેનું આયોજનન કર્યુ હતુ. ફક્ત સૂચિત વેપારીઓ/ઉત્પાદકો જ જરૂરી ચીજવસ્તુઓ વેચવા માટે ગામમાં પ્રવેશી શકતા હતા. પંચાયત અને સુખી પરિવારો દ્વારા લગભગ ૩૧૬ જરૂરતમંદ પરિવારોને ખોરાક પૂરો પાડવામાં આવ્યો હતો અને ઘણા બધા ખેડૂતોએ એક મહિના સુધી સૌથી ગરીબ ૮૭ પરિવારોને જમાડવામાં યોગદાન આપ્યુ હતુ. દૃષ્ટિથી દિવ્યાંગ અને અલગ ક્ષમતાઓ ધરાવતા વ્યક્તિઓ, એકલી રહેતી મહિલાઓ અને અન્ય વંચિત પરિવારોને આહાર, જરૂરી દવાઓ અને અન્ય જરૂરી અને પ્રાથમિક જરૂરિયાતો પ્રદાન કરવામાં આવી હતી. ૧૦૬ શ્રમિકોને સ્થાનિક વહીવટીતંત્ર સાથે મંત્રાણા કરીને મનરેગા દ્વારા તાત્કાલિક કામ પૂરું પાડયુ હતુ.

સૌથી નવતર પગલાં માંનુ એક એ હતુ કે વડીલોને ઘરે ફસાયેલા બાળકોને તેમને આવડતું કોઇ પણ વિશેષ કૌશલ્ય જેવુ કે સંગીત, કળા, રસોઇ, પરંપરાગત ટેકનોલોજી શીખવાડવા કહેવામાં આવ્યુ તેમજ ઇ-લર્નિંગની વ્યવસ્થા કરવામાં આવી. આ એટલા માટે શરૂ કરવામાં આવ્યુ હતુ કારણ કે બાળકો ઘરે કંટાળી ગયા હતા અને તેમને સ્કૂલની ખોટ સાલતી હતી અને કેટલાક કેસોમાં તો તે ઘરે ફસાયેલા વડીલોના ગુસ્સાનો સામનો કરી રહ્યા હતા.

ભવિષ્ય માટે, પંચાયત જો કોવીડ કેસ આવે તો ઈર્મજન્સી કેસ માટે એક અલગ વોર્ડ બાંધવાનુ આયોજન કરી રહી છે.

## સંપર્ક:

સુરેશ છાંગા, sureshchhanga@gmail.com, ૯૯૧૩૦૫૫૩૦૫

ફોટો સૌજન્ય : કુનરીયા પંચાયત





(ડાબે) કોવીડ દરમિયાન માસ્ક વિતરણ; (જમણે) આફત પ્રબંધન સમિતિ સાથે મીટિંગ

**સંકટ: સમુદાયો સ્વાસ્થ્ય સમસ્યાઓનો સામનો કરવા સક્ષમ નથી**
**ઉકેલ: સામુદાયિક સ્વાસ્થ્ય સશક્તિકરણ**



ફોટો સૌજન્ય : ટ્રાઇબલ હેલ્થ ઈનીશીએટીવ




ટીએચઆઇ મરણનો દર નીચે લાવ્યુ છે અને બાળકોમાં કુપોષણનું સ્તર ૭૦% જેટલુ ઘટયુ છે.

## સ્વાસ્થ્ય બાબતે સશક્ત પંચાયતનો કોવીડને તાત્કાલિક પ્રતિભાવ, સીટ્ટીલીંગી, તમિલનાડુ

ટ્રાઇબલ હેલ્થ ઇનીશીયેટીવ (ટીએચઆઇ) એ એક નફારહિત કામ કરતી સંસ્થા છે, જે તમિલનાડુના ધર્મપુરી જીલ્લામાં સીટ્ટીલીંગીમાં સ્થિત છે. તે વિસ્તારના સ્થાનિક સમુદાય માલેવાસી આદિવાસીના કલ્યાણ માટે કામ કરે છે. ટીએચઆઇની સ્થાપના ૧૯૯૩ માં કેરાલાના એક યુવા ડોક્ટર યુગલ રેગી જ્યોર્જ, એક એનેસ્થેસીઓલોજીસ્ટ અને લલિથા રેગી, એક ગાયનેકોલોજીસ્ટ દ્વારા કરવામાં આવી હતી, તેઓ ગાંધીજીના મૂલ્યોથી પ્રભાવિત હતા. આ પ્રોજેક્ટની શરૂઆત ઈંટ-માટીની બનેલી એક ઝૂંપડીથી થઇ હતી જે ક્લિનીક અને લેબર રૂમ બંનેની ગરજ સારતી હતી, અને હવે તે એક આઇએસઓ પ્રમાણિત સંપૂર્ણપણે સજ્જ હોસ્પિટલ છે, જેમાં છ ડોક્ટરો અને ૩૦ નર્સો મળીને વર્ષે લગભગ ૧,૦૦,૦૦૦ દર્દીઓની સારવાર કરે છે.

સ્થાનિક લોકોના સહકાર અને તેમના સતત પ્રયાસોને કારણે, નવજાત શિશુનો મરણ દર ૧૯૯૩ માં ૧૫૭/૧૦૦૦ હતો જે ઘટીને ૨૦/૧૦૦૦ થયો છે. છેલ્લા એક દાયકામાં માતા મરણનો એક પણ કેસ નોંધાયો નથી, અને બાળકોમાં કુપોષણનું સ્તર ૭૦% જેટલુ ઘટયુ છે. ટીએચઆઇનું કાર્યક્ષેત્ર માત્ર સ્વાસ્થ્ય પૂરતું મર્યાદિત નથી, તેણે એક કમ્યુનિટી આઉટરીચ પ્રોગ્રામ, એક ઓર્ગેનિક ફાર્મિંગ ક્લેક્ટીવ અને એક ક્રાફ્ટ ઇનીશીયેટીવ જેનો ઉદ્દેશ લાંબડી એમ્બ્રોઇડરીને પુનઃજીવિત કરવાનો છે અને મહિલા ઉદ્યોગસાહસિકોને સજાગ કરવા માટે એક પ્રોગ્રામ શરૂ કર્યો છે.

સામુદાયિક સજાગતાના તેમના મોડલે વિસ્તારમાં સ્થાનિક શાસનને પણ મજબૂત કર્યુ છે અને કોવીડ-૧૯ મહામારી વખતે સીટ્ટીલીંગી પંચાયતનો તાત્કાલિક પ્રતિભાવ એ આનું આદર્શ ઉદાહરણ છે. કોવીડ

**સંકટ: સમુદાયો સ્વાસ્થ્ય સમસ્યાઓનો સામનો કરવા સક્ષમ નથી**
**ઉકેલ: સામુદાયિક સ્વાસ્થ્ય સશક્તિકરણ**



મહામારીની જાહેરાત કરવામાં આવી કે તરત જ પંચાયતના પ્રમુખ શ્રી માધેશ્વરીએ તેમની ટીમની તાત્કાલિક મીટિંગ બોલાવી જેમાં પીએચસી, ટીએચઆઇ અને અન્ય સરકારી વિભાગો સમાવિષ્ટ હતા, અને આફત નિયંત્રણ મોડમાં કામે લાગી ગયા હતા.

પંચાયત હેઠળ આવતા ગામો (લગભગ ૧૫,૦૦૦ ની વસતી ધરાવતા) માટે સજાગતા અભિયાન શરૂ કરવામાં આવ્યા હતા, અને ઓટોરિક્શામાં સતત જાહેરાતો કરવામાં આવતી હતી. જાહેર મેળાવડાને તમામ જગ્યાઓમાં શારીરિક અંતર જાળવવાના નિયમનું પાલન કરાવવામાં આવ્યુ હતુ, અને કરિયાણા અને હોટલ સિવાયની તમામ દુકાનો બંધ હતી. જે લોકો બહારથી સ્થળાંતરિત થઇને પરત આવ્યા હતા તેમને ક્વોરન્ટાઇન કરવામાં આવ્યા હતા અને હોસ્પિટલમાં અલગ ઓપીડી શરૂ કરવામાં આવી હતી. આવક ઉભી કરવાની એક પહેલ તરીકે, સ્થાનિક દરજીઓને ગ્રામજનો માટે મોટા જથ્થામાં માસ્ક સિવવા કહેવામાં આવ્યુ હતુ. ભીડ એકઠી થતી અટકાવવા રાશન વિતરણ માટે ટોકન સીસ્ટમ ચાલુ કરવામાં આવી હતી અને કેટલાક વિસ્તારોમાં, હાથ ધોવાના નિયમનું પાલન ન કરવા બદલ દંડ કરવામાં આવ્યો હતો. સોશિયલ મીડીયા દ્વારા દૈનિક અપડેટ પણ શક્ય બનાવવામાં આવી હતી.

## બોધપાઠ:

જે સમુદાયોનું સ્વશાસન માટે સશક્તિકરણ કરવામાં આવ્યુ છે, અને સ્વાસ્થ્ય સંબંધી જ્ઞાનથી સભર છે, તેઓ કોવીડ જેવા સંકટો તેમજ અન્ય સ્વાસ્થ્ય અને મેડિકલ સમસ્યાઓનો વધારે સારી રીતે સામનો કરવા સક્ષમ હોય છે. આ રીતે બહારથી આવતા નિષ્ણાંતો પરની આધારિતતા ઘટાડી શકાય છે, તેમજ કેન્દ્રિત સુવિધાઓ અને સ્ટાફ પરનું ભારણ પણ ઓછુ કરી શકાય છે.

## સંપર્ક:

રેગી અને લલિથા, regilalitha@gmail.com / thisittilingi@gmail.com,
૯૫૮૫૮૯૯૦૬૧, ૯૪૮૮૩૪૪૩૨૫

**સંકટ: સમુદાયો સ્વાસ્થ્ય સમસ્યાઓનો સામનો કરવા સક્ષમ નથી**
**ઉકેલ: સામુદાયિક સ્વાસ્થ્ય સશક્તિકરણ**



## સ્વાસ્થ્ય અને અન્ય ઈર્મજન્સીનો સામનો કરવા માટે સ્થાનિક ક્ષમતાઓ વધારવા માટે ભલામણા

- દવાઓ અને આરોગ્યસંભાળની વૈવિધ્યસભર સીસ્ટમોને એકબીજા સાથે સાંકળીને, સંબંધિત સરકારી વિભાગો અને સિવિલ સોસાયટી સંસ્થાઓ સાથે મળીને સ્થાનિક સ્વ-શાસનના સંસ્થાનોના એકંદર શાસન હેઠળ, સ્થાનિક સ્વાસ્થ્ય સુવિધાઓ (પીએચસી વગેરે)ની સ્થાપના અથવા મજબૂતીકરણની ખાતરી કરવી, સબસીડીયરીટીના સિધ્ધાંતનો ઉપયોગ કરવો એટલે કે કઇ કઇ સમસ્યાઓનો સામનો સ્થાનિક સ્તરે કરી શકાય અને કરવો જોઇએ, તેમજ તાલુકા/જીલ્લા/રાજ્ય કક્ષાની સુવિધાઓ આના સિવાયની ફક્ત વિશેષ સેવાઓ માટે જ હોવી જોઇએ.
- આવા સંસ્થાનો પાસે તમામ વંચિત પરિવારો/વ્યક્તિઓ અને તેમની ચોક્કસ જરૂરિયાતોની માહિતી ધરાવતું અપડેટેડ રોસ્ટર હોવુ જોઇએ.
- મહિલાઓ અને બાળકોના દૃષ્ટિકોણ અને મંતવ્યોને બહાર લાવવા પર ખાસ ધ્યાન કેન્દ્રિત થાય તેની ખાતરી કરવી.
- તમામ સંબંધિત સરકારી કર્મચારીઓને, તેમના વિભાગીય દૃષ્ટિકોણમાંથી બહાર લાવીને, સ્વૈચ્છિક સંસ્થાઓને અને સ્વશાસન સંસ્થાનોને એક સાથે લાવવા.
- સ્વાસ્થ્ય, ખોરાક, પોષણ, આજીવિકા(ખેતી, હસ્તકળા, ઉદ્યોગસાહસિકતા) અંગેની સમજ, આયોજન અને અમલીકરણ માટે સમગ્રતયા મદદરૂપ થવું
- જીવન દ્વારા અને જીવનભર લર્નિંગ (શીખવાની પ્રક્રિયા) અને શિક્ષણ સાથે પ્રયોગો કરવા જેમાં દરેક માટે કળા, સંગીત, નૃત્ય, પ્રાથમિક સ્વાસ્થ્ય અને સ્વચ્છતાનો સમાવેશ કરેલો હોય.

આ દસ્તાવેજની રચના આનંથુ, સૃષ્ટિ બાજપાઇ, સેથુલક્ષ્મીવિનયન, પૂર્ણિમા ઉપાધ્યાય, સંગીથા શ્રીરામ, ઇશ્તેયાક અહેમદ, એલેક્ષ જેનસેન, સુજાથા પદ્મનાભન, એલાન્ગો રંગાસ્વામી, સુજીત સિંહા, મિહિર શાહ, અદિતિ સાજવાન, સુરેશ છાંગા, ગીજ્સ સ્પૂર, જુહી પાંડે, ગોપી સંકરાસુબ્રમની તરફથી પ્રાપ્ત માહિતી દ્વારા કરવામાં આવી છે અને તેનું સંકલન અશીષ કોઠારી દ્વારા કરવામાં આવ્યુ છે. જીમી મહેતા દ્વારા અનુવાદ અને નવીદ દાદન દ્વારા ડિઝાઇન અને લેઆઉટ.

**પ્રશસ્તિનોંધ:** વિકલ્પ સંગમ, *વૈશ્વિક મહામારી અને લોકડાઉનની પેલે પાર - 'સાધારણ' લોકોનું અસાધારણ કામ* - વોલ્યુમ ૧, વિકલ્પ સંગમ કોર ગ્રુપ, પૂને, મે ૨૦૨૦.

આ એક કોપીલેફટ પ્રકાશન છે. તેને બિન-વ્યાવસાયિક હેતુઓ માટે મુક્ત રીતે ફરીથી પ્રકાશિત કરી શકાય છે, જો શક્ય હોય તો ક્રેડિટ અને પ્રશસ્તિનોંધ સાથે, અને કોઇ પણ જગ્યાએ ફરીથી પ્રકાશિત કરવા માટે એ જ શરતો રહેશે અને કોઇ પણ કોપીરાઇટ રહેશે નહી.

વિકલ્પ સંગમ એ માનવ અને ઇકોલોજીની સુખાકારી માટે ન્યાયી, સમાન અને સ્થાયી માર્ગો શોધવા અંગે કામ કરતી ચળવળો, જૂથો અને લોકોને સાથે લાવવા માટેનું એક મંચ છે. તે વિકાસના વર્તમાન મોડલ અને જેના મૂળમાં અસમાનતા અને અન્યાય હોય એવા માળખાને નકારે છે, અને વૈકલ્પિક કાર્યપધ્ધતિ અને દ્રષ્ટિ શોધે છે. દેશભરના લગભગ ૬૦ ચળવળો અને સંસ્થાઓ તેના કોર ગ્રુપના સભ્યો છે.

વધુ માહિતી માટે, કૃપયા જુઓ : http://www.vikalpsangam.org/about/

Alternatives India
VIKALP sangam
www.vikalpsangam.org

- એસીસીઓઆરડી (તમિલ નાડુ)
- અલાયન્સ ફોર સસ્ટેનેબલ એન્ડ હોલીસ્ટીક એગ્રીકલ્ચર (રાષ્ટ્રીય)
- ઓલ્ટરનેટિવ લો ફોરમ (બેંગલુરુ)
- અશોકા ટ્રસ્ટ ફોર રીસર્ચ ઇન ઇકોલોજી એન્ડ ધ એન્વાયરમેન્ટ (બેંગલુરુ)
- બીએચએએસએચએ (ગુજરાત)
- ભૂમિ કોલેજ (બેંગલુરુ)
- બ્લુ રીબન મુવમેન્ટ (મુંબઇ)
- સેન્ટર ફોર એજ્યુકેશન એન્ડ ડોક્યુમેન્ટેશન (મુંબઇ)
- સેન્ટર ફોર એન્વાયરમેન્ટ એજ્યુકેશન (ગુજરાત)
- સેન્ટર ફોર ઇક્વિટી સ્ટડીઝ (દિલ્હી)
- સીજીનેટસ્વરા (છત્તીસગઢ)
- ચલાકુડીપુઝાસમરક્ષણા સમિતિ/રીવર રીસર્ચ સેન્ટર (કેરાલા)
- કોમ્મ્યુટિનીઃ ધ યુથ ક્લેક્ટીવ (દિલ્હી)
- ડેક્કન ડેવલપમેન્ટ સોસાયટી (તેલંગાના)
- ડીઅર પાર્ક (હિમાચલ પ્રદેશ)
- ડેવલપમેન્ટ ઓલ્ટરનેટિવ્સ (દિલ્હી)
- ધરામિત્ર (મહારાષ્ટ્ર)
- એક્તા પરિષદ (ઘણા બધા રાજ્યોમાં)
- એક્થા (ચેન્નાઇ)
- ઇક્વેશન્સ (બેંગલુરુ)
- જીન કેમ્પેઇન (દિલ્હી)
- ગ્રીનપીસ ઇન્ડિયા (બેંગલુરુ)
- હેલ્થ સ્વરાજ સંવાદ (રાષ્ટ્રીય)
- ઇડીયોસીન્ક (દિલ્હી)
- જાગોરી રૂરલ(હિમાચલ પ્રદેશ)
- કલ્પવૃક્ષ (મહારાષ્ટ્ર)
- નોલેજ ઇન સિવિલ સોસાયટી (રાષ્ટ્રીય)
- કૃતિ ટીમ (દિલ્હી)
- લદાખ આર્ટ્સ એન્ડ મીડીયા ઓર્ગેનાઇઝેશ (લદાખ)
- લોકલ ફ્યુચર્સ (લદાખ)
- માટી (ઉત્તરાખંડ)
- મહિલા કિસાન અધિકાર મંચ (રાષ્ટ્રીય)
- મઝદૂર કિસાન શક્તિ સંગઠન (રાજસ્થાન)
- નેશનલ અલાયન્સ ઓફ પીપલ્સ મુવમેન્ટ (રાષ્ટ્રીય)
- નિરાંગલ (તમિલનાડુ)
- નોર્થ ઇસ્ટ સ્લો ફૂડ એન્ડ એગ્રોબાયોડાયવર્સીટી સોસાયટી (મેઘાલયા)
- પીપલ્સ સાયન્સ ઇન્સ્ટીટયુટ (ઉત્તરાખંડ)
- રીવાઇટલાઇઝીગ રેઇનફેડ એગ્રીકલ્ચર નેટવર્ક (રાષ્ટ્રીય)
- રીસ્ટોર (ચેન્નાઇ)
- સહજીવન (કચ્છ)
- સંભાવના (હિમાચલ પ્રદેશ)
- સંવેદના (મહારાષ્ટ્ર)
- સંગમા (બેંગલુરુ)
- સંગત (દિલ્હી)
- સ્કૂલ ફોર ડેમોક્સી (રાજસ્થાન)
- સ્કૂલ ફોર રૂરલ ડેવલપમેન્ટ એન્ડ એન્વાયરમેન્ટ (કાશ્મીર)
- શિક્ષાંતર (રાજસ્થાન)
- સ્નો લેપર્ડ કન્ઝર્વન્સી ઇન્ડિયા ટ્રસ્ટ (લદાખ)
- સોશિયલ આંત્રપ્રિન્યોરશીપ એસોસિયેશન (તમિલનાડુ)
- એસઓપીપીઇસીઓએમ (મહારાષ્ટ્ર)
- સાઉથ એશિયન ડાયલોગ ઓન ઇકોલોજીકલ ડેમોક્સી (દિલ્હી)
- સ્ટુડન્ટ્સ એન્વાયરમેન્ટલ એન્ડ કલ્ચરલ મુવમેન્ટ ઓફ લદાખ (લદાખ)
- થનલ (કેરાલા)
- ટીબકટુ ક્લેક્ટીવ (આંધ્ર પ્રદેશ)
- તિતલી ટ્રસ્ટ (ઉત્તરાખંડ)
- ટ્રાઇબલ હેલ્થ ઇનીશીયેટીવ (તમિલનાડુ)
- યૂઆરએમયુએલ (*ઉરમુલ*) (રાજસ્થાન)
- વૃક્ષમિત્ર (મહારાષ્ટ્ર)
- વોટરશેડ સપોર્ટ સર્વિસીસ એન્ડ એક્ટીવીટીઝ નેટવર્ક (આંધ્ર પ્રદેશ/તેલંગાના)